GJNV010006622025

| | | | | |
|---|---|---|---|---|
| પ્રાપ્તિ તારીખ | : | ૨૧ – ૦૩ – ૨૦૨૫ | | |
| નોંધ્યા તારીખ | : | ૨૧ – ૦૩ – ૨૦૨૫ | | |
| ફેંસલ તારીખ | : | ૦૫ – ૦૬ – ૨૦૨૬ | | |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૧ | ૦૨ | ૧૫ |

**આંક–૧૨૩**

# FORM - A

## નવસારી જિલ્લાના મે. સ્પેશ્યલ જજ એન્ડ એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ નવસારી. જિ.નવસારી

ચિન્મય જી. મહેતા, સ્પેશયલ (પોકસો) જજ, એન્ડ

એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રી, નવસારી

(ચુકાદાની તા.૦૫/૦૬/૨૦૨૬)

**સ્પે. પોકસો કેસ નં. ૦૪/૨૦૨૫**

| એફ.આઈ.આરની વિગતો/ગુન્હો અને પોલીસ સ્ટેશન | |
|---|---|
| **પોલીસ સ્ટેશન** | ખેરગામ પો.સ્ટે.પાર્ટ–એ–ગુ.ર.નં.૧૧૮૨૨૦૦૪૨૫૦૦૪૫/૨૦૨૫ |
| **ગુન્હો** | બી.એન.એસ.કલમ–૧૩૭(૨),૮૭,૬૪(૨)(આઈ)(એમ), ૬૫(૧) તથા જાતીય ગુનાઓમાં બાળકોને રક્ષણ આપતો અધિનિયમ (પોકસો) એકટ કલમ– ૩(એ), ૪, ૫(એલ),૬,૧૨ |
| **તહોમતનામા મુજબ તહોમત** | બી.એન.એસ.કલમ–૧૩૭(૨),૮૭,૬૪(૨)(આઈ)(એમ), ૬૫(૧) તથા જાતીય ગુનાઓમાં બાળકોને રક્ષણ આપતો અધિનિયમ (પોકસો) એકટ કલમ– ૩(એ), ૪, ૫(એલ),૬,૧૨ |
| **ફરિયાદી** | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત)<br>(મુળ ફરિયાદી– રાકેશભાઈ ભગવાનભાઈ અલાવા) |
| **વિ. એ.પી.પી.શ્રી** | બી.જી.ગુપ્તા |
| **આરોપી નં.૧:–** | ભોલા સ/ઓ કાલુ કશ્યપ,<br>ઉ.આ.વ.૨૧, રહે–૧૦૫, ખપરાના બાગપત બરવાના,ઉત્તરપ્રદેશ |
| **આરોપી નં.૨:–** | માંગે સ/ઓ ચંદ્રપાલ કશ્યપ,<br>ઉ.આ.વ.૧૮, રહે–૧૦૫, ખપરાના બાગપત બરવાના,ઉત્તરપ્રદેશ |
| **આરોપીઓ તર્ફે** | વિ.વ.શ્રી વી.એ.નાયક |

## FORM - B

| | |
|---|---|
| **ગુન્હો બન્યા તારીખ:-** | ૧૩/૦૧/૨૦૨૫ |
| **ફરિયાદની તારીખ:-** | ૧૯/૦૧/૨૦૨૫ |
| **ચાર્જશીટની તારીખ :-** | ૨૧/૦૩/૨૦૨૫ |
| **તહોમત ફરમાવ્યાની તારીખ :-** | ૧૦/૦૭/૨૦૨૫/૧૪/૦૫/૨૦૨૬ |
| **પુરાવો શરૂ કર્યાની તારીખ :-** | ૧૫/૦૭/૨૦૨૫ |
| **ચુકાદો સંક્ષિપ્તમાં રાખ્યાની તારીખ:-** | -- |
| **ચુકાદાની તારીખ :-** | ૦૫/૦૬/૨૦૨૬ |
| **સજાના હુકમની તારીખ જો કોઈ હોય તો** | -- |

## <u>આરોપીઓની વિગત</u>

| **આરોપી નંબર** | **આરોપીનું નામ** | **ધરપકડની તારીખ** | **જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની વિગત** | **કયા ગુન્હાનો આક્ષેપ છે?** | **નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર?** | **શું સજા કરી?** | **ક્રિ.પ્રો. કો.ક-૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે.** |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | ભોલા સ/ઓ કાલુ કશ્યપ | તા.૧૧/૦૨/૨૦૨૫ નારોજ અટક કરવામાં આવેલ છે. | તા.૦૪/૧૧/૨૦૨૫ નાં રોજ જામીન મુકત કરવામાં આવેલ છે. | બી.એન.એસ. કલમ-૧૩૭ (૨),૮૭,૬૪ (૨)(આઈ) (એમ), ૬૫(૧) તથા જાતીય ગુનાઓમાં બાળકોને રક્ષણ આપતો અધિનિયમ (પોકસો) એકટ કલમ- ૩(એ), ૪, ૫(એલ),૬, ૧૨ | આરોપીને બી.એન.એસ. કલમ- ૧૩૭(૨),૮૭ મુજબનાં ગુનામાં શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવે છે તથા બી.એન.એસ.કલમ- ૬૪(૨)(આઈ) (એમ), ૬૫(૧) તથા જાતીય ગુનાઓમાં બાળકોને રક્ષણ આપતો અધિનિયમ (પોકસો) એકટ કલમ- ૩(એ), ૪, ૫(એલ),૬,૧૨ મુજબનાં ગુના માટે દોષિત ઠરાવવામાં આવે છે. | આખરી હુકમ મુજબ | - |
| ૦૨ | માંગે સ/ઓ ચંદ્રપાલ કશ્યપ | તા.૧૧/૦૨/૨૦૫ નારોજ અટક કરવામાં આવેલ છે. | તા.૦૬/૦૮/૨૦૨૫ નાં રોજ જામીન મુકત કરવામાં આવેલ છે. | બી.એન.એસ. કલમ-૧૩૭ (૨),૮૭,૬૪ | આરોપીને બી.એન.એસ. કલમ- | આખરી હુકમ મુજબ | - |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | (૨)(આઈ) (એમ), ૬૫(૧) તથા જાતીય ગુનાઓમાં બાળકોને રક્ષણ આપતો અધિનિયમ (પોકસો) એકટ કલમ– ૩(એ), ૪, ૫(એલ),૬, ૧૨ | ૧૩૭(૨),૮૭ મુજબનાં ગુનામાં શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવે છે તથા બી.એન.એસ.કલમ– ૬૪(૨)(આઈ) (એમ), ૬૫(૧) તથા જાતીય ગુનાઓમાં બાળકોને રક્ષણ આપતો અધિનિયમ (પોકસો) એકટ કલમ– ૩(એ), ૪, ૫(એલ),૬,૧૨ મુજબનાં ગુના માટે દોષિત ઠરાવવામાં આવે છે. | | |

## FORM - C

## ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ

### (એ) ફરિયાદપક્ષ તરફે

| અ.નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧ | ડો.મિત્તલબેન રાજેશભાઈ પટેલ | ભોગબનનારની મેડી.ચકાસણી કરનાર | ૦૯ |
| ૨ | ડો.મેહુલ ગીરીશકુમાર બરૂવાલા | ભોગબનનારની મેડી.ચકાસણી કરનાર | ૧૯ |
| ૩ | ડો.કેતન બટુકભાઈ પટેલ | આરોપીની મેડી.ચકાસણી કરનાર | ૨૩ |
| ૪ | ડો.નેહા ડાહ્યાભાઈ પટેલ | ડોકટર સાહેદ | ૩૧ |
| ૫ | બીપીનચંદ્ર શુકકરભાઈ પટેલ | પંચ સાહેદ | ૩૫ |
| ૬ | જૈશલભાઈ ગોવિંદભાઈ ચૌધરી | પંચ સાહેદ | ૪૪ |
| ૭ | મનોજભાઈ રાજુભાઈ વાંસકોડીયા | પંચ સાહેદ | ૫૨ |
| ૮ | રાકેશભાઈ વિજયપ્રકાશ તિવારી | પંચ સાહેદ | ૫૪ |
| ૯ | રાકેશભાઈ ભગવાનભાઈ અલાવા | ફરીયાદી | ૫૭ |
| ૧૦ | ભોગબનનાર ડો/ઓ રાકેશભાઈ | ભોગબનનાર(એન) | ૫૯ |
| ૧૧ | ભોગબનનાર ડો/ઓ સુંદરસિંહ પવાર | ભોગબનનાર(આર) | ૬૧ |
| ૧૨ | હાર્દિકભાઈ ધનસુખભાઈ ચૌધરી | સાઈન્ટીફીક ઓફિસર | ૬૬ |
| ૧૩ | મેશોકભાઈ ભીમસીંગભાઈ ગામીત | ત.ક.અ. | ૭૪ |
| ૧૪ | મોહમદ ઈરફાન લીયાકતઅલી સૈયદ | ત.ક.અ. | ૭૫ |
| ૧૫ | દીપક શંભુભાઈ કોરાટ | ત.ક.અ. | ૭૬ |
| ૧૬ | પંકેશ ઈન્દરસિંહ મોરી | સાહેદ | ૮૭ |

| | | | |
|---|---|---|---|
| ૧૭ | રામબાઈ વસંતસિંહ રાવત | સાહેદ | ૯૧ |
| ૧૮ | પીનલબેન દેવજીભાઈ ચૌધરી | ત.ક.અ. | ૯૬ |
| ૧૯ | કાનજીભાઈ હીરાભાઈ ચૌધરી | ત.ક.અ. | ૧૦૩ |

**(બી) બચાવપક્ષે સાહેદ જો હોય તો:–** બચાવપક્ષે સાહેદ તપાસવામાં આવેલ નથી.

**(સી) કોર્ટ સાહેદ જો હોય તો :–** કોર્ટ સાહેદ તપાસવામાં આવેલ નથી.

**દસ્તાવેજી પુરાવો**

**(એ) ફરિયાદપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા:–**

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ભોગબનનારની મેડીકલ ચકાસણી કરાવવા કરેલ યાદી | ૧૦ |
| ૨ | ભોગબનનાર (એન)નો ઓ.પી.ડી. કેસ નં.૨૯૪૫ | ૧૧ |
| ૩ | ભોગબનનારને ગાયનેક તપાસણી સારુ રીફર કર્યાની સ્લીપ | ૧૨ |
| ૪ | ભોગબનનાર(એન)નું એમ.એલ.આર.સર્ટી.નં.૫૩/૨૦૨૫ | ૧૩ |
| ૫ | સેમ્પલો એફ.એસ.એલ.તરફ મોકલ્યા અંગેની યાદી | ૧૪ |
| ૬ | ભોગબનનાર(આર)નો ઓ.પી.ડી.કેસ નં.૨૯૪૬ | ૧૫ |
| ૭ | ભોગબનનારને ગાયનેક તપાસણી સારુ રીફર કર્યાની સ્લીપ | ૧૬ |
| ૮ | ભોગબનનાર(આર)નું એમ.એલ.આર.સર્ટી.નં.૫૪/૨૦૨૫ | ૧૭ |
| ૯ | સેમ્પલો એફ.એસ.એલ.તરફ મોકલ્યા અંગેની યાદી | ૧૮ |
| ૧૦ | એમ.એલ.સી.નં.૪૨૦/૨૦૨૫ | ૨૦ |
| ૧૧ | ગાયનેકોલોજીસ્ટે કરેલ તપાસણી અંગેની નોંધણી | ૨૧ |
| ૧૨ | સેમ્પલો રાસાયણીક પૃથ્થકરણ સારુ પોલીસને આપેલ યાદી | ૨૨ |
| ૧૩ | આરોપીની મેડીકલ તપાસણી માટેની પોલીસ યાદી | ૨૪ |
| ૧૪ | આરોપી ભોલાનો ઓ.પી.ડી.કેસ નં.૯૩૦ ના પેપર | ૨૫ |
| ૧૫ | એમ.એલ.સી.સર્ટી.નં.૬૫/૨૦૨૫ | ૨૬ |
| ૧૬ | સેમ્પલો એફ.એસ.એલ.માં મોકલવા કરેલ યાદી | ૨૭ |
| ૧૭ | આરોપી માંગેનો ઓ.પી.ડી.કેસ નં.૯૩૧ ના પેપર | ૨૮ |
| ૧૮ | એમ.એલ.સી.નં.૬૬/૨૦૨૫ | ૨૯ |
| ૧૯ | સેમ્પલો એફ.એસ.એલ.માં મોકલવા કરેલ યાદી | ૩૦ |
| ૨૦ | એમ.એલ.સી.નં.૪૨૧/૨૦૨૫ | ૩૨ |
| ૨૧ | રીફર સ્લીપ તથા તેઓએ કરેલ તપાસની નોંધણીના પેપર | ૩૩ |
| ૨૨ | ભોગબનનારનાં લીધેલ સેમ્પલો પૃથ્થકરણ કરવા કરેલ યાદી | ૩૪ |

| | | |
|---|---|---|
| ૨૩ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૩૬ |
| ૨૪ | ભોગ બનનારનાં કપડા કબ્જે કર્યા અંગેનું પંચનામું | ૩૭ |
| ૨૫ | આરોપીઓનાં કપડા કબ્જે કર્યા અંગેનું પંચનામું | ૪૫ |
| ૨૬ | આરોપીઓની શરીર સ્થિતિનું પંચનામું | ૫૩ |
| ૨૭ | ફરીયાદ | ૫૮ |
| ૨૮ | ભોગ બનનાર(એન)નું બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન | ૬૦ |
| ૨૯ | ભોગ બનનાર(આર)નું બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન | ૬૨ |
| ૩૦ | સ્થળ પરીક્ષણ અહેવાલ | ૬૭ |
| ૩૧ | એફ.એસ.એલ.પરીક્ષણ કરવા મળેલ યાદી | ૬૮ |
| ૩૨ | કલમ ઉમેરો કરવા માટે કરેલ યાદી | ૭૭ |
| ૩૩ | ભોગ બનનારના નિવેદન લેવડાવવા માટે કોર્ટને કરેલ યાદી | ૭૮ |
| ૩૪ | ભોગબનાનરની મેડીકલ ચકાસણી કરી જરૂરી નમુના લેવા કરેલ યાદી | ૭૯ |
| ૩૫ | ભોગબનનાર ડો/ઓ રાકેશનું જન્મનું પ્રમાણપત્ર | ૮૮ |
| ૩૬ | ભોગબનનાર ડો/ઓ રાકેશનું જન્મ નોંધણીના રજીસ્ટરની નકલ | ૮૯ |
| ૩૭ | જન્મની નોંધણી કરવા કરેલ આદેશની નકલ | ૯૦ |
| ૩૮ | પ્રાથમિક શાળા,ઢીલવાની,જી.ધારના જનરલ રજી.ની પ્રમાણિત નકલ | ૯૨ |
| ૩૯ | શાળા ટ્રાન્સફર સર્ટી.ની પ્રમાણિત નકલ | ૯૩ |
| ૪૦ | ભોગબનનારના પ્રગતિપત્રકની પ્રમાણિત નકલ | ૯૪ |
| ૪૧ | મુદ્દામાલ એફ.એસ.એલ.મોકલવા કરેલ રવાનગી નોંધ | ૯૭ અને ૯૮ |
| ૪૨ | મુદ્દામાલ એફ.એસ.એલ.ને મળી ગયા અંગેની પહોંચ | ૯૯ અને ૧૦૦ |
| ૪૩ | સરકારી પંચો મેળવવા માટે ના.કા.ઈ.જી.ઈ.બી.ને કરેલ યાદી | ૧૦૧ |
| ૪૪ | પી.એસ.આઈ. ગામીત દ્વારા તૈયાર કરેલ સુચિપત્ર | ૧૦૨ |
| ૪૫ | રફલ/તપણ/૨૦૨૫/બી/૨૭૬ તથા રફલ/તપણ/૨૦૨૫/બી/૧૯૪ થી બાયોલોજીકલ અને શીરોલોજી અહેવાલ | ૧૦૪ અને ૧૦૫ |
| ૪૬ | રફસલ/ઈઈ/૨૦૨૫/બી/૨૭૬ તથા રફસલ/ઈઈ/૨૦૨૫/બી/૧૯૪ ના પત્ર સાથે આવેલ ઝેર શાસ્ત્ર વિભાગનો પરીક્ષણ અહેવાલ | ૧૦૬ અને ૧૦૭ |

**(બી) બચાવ પક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા** :– કંઈ નથી.

**(સી) કોર્ટ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા** :– કંઈ નથી.

**(ડી) મુદ્દામાલની વિગતે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા :–**

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | એમ.આર.નં.૨૩/૨૫, આ.નં.૧ થી ૬ માંથી નીકળેલ પંચ સ્લીપ | ૩૮ થી ૪૩ |

| | | |
|---|---|---|
| ૨ | એમ.આર.નં.૨૩/૨૫, આ.નં.૭ થી ૧૨ માંથી નીકળેલ પંચ સ્લીપ | ૪૬ થી ૫૧ |

**-: મુદ્દામાલની વિગત :-**

**મુદ્દામાલ પાવતી નં.૩૮,૩૯/૨૦૨૫, તા.૩૧/૦૧/૨૦૨૫**

| અ.નં. | આર્ટીકલ નંબર | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧ | ૧ | એક લીલા કલરનો ફુલ ડિઝાઈનવાળો કુર્તો હાફ બાઈવાળો |
| ૨ | ૨ | એક સફેદ કલરનું લીલા ફુલવાળો પાયજામો |
| ૩ | ૩ | એક ગ્રે કલરની નીકર |
| ૪ | ૪ | એક લીલા સફેદ કલરની ફુલ ડીઝાઈનવાળો કુર્તો હાફ બાઈવાળો |
| ૫ | ૫ | એક સફેદ,લીલા કલરની લાઈનીંગવાળો પાયજામો |
| ૬ | ૬ | એક લાલ કલરની બ્રા |

**મુદ્દામાલ પાવતી નં.૪૦,૪૧,૪૨/૨૦૨૫, તા.૧૨/૦૨/૨૦૨૫**

| અ.નં. | આર્ટીકલ નંબર | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧ | ૭ | એક લાંબી બાંયનો ઝાંખા ભુરા કલરનો ગ્રે કલરની લાયનીંગવાળો શર્ટ |
| ૨ | ૮ | એક કાળા કલરનો નાળાવાળો તથા ખીસ્સાવાળો ટ્રેકપેન્ટ |
| ૩ | ૯ | એક કાળા કલરની સાઈડે ગ્રે કલરના પટ્ટાવાળી નાળાવાળી નીકર |
| ૪ | ૧૦ | એક લાંબી બાંયનો સફેદ કલરનો શર્ટ |
| ૫ | ૧૧ | એક સફેદ કલરનો જીન્સ પેન્ટ |
| ૬ | ૧૨ | એક મરૂન કલરની નીકર |

## -::- <u>ચુકાદો</u> -::-

**(૧)** આ કામનાં આરોપીઓ વિરૂધ્ધ આંક-૦૬ થી ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(આઈ)(એમ), ૬૫(૧) તથા પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સિસ એકટ, ૨૦૧૨ (હવે પછી ટુંકમાં પોકસો એકટ તરીકે ચુકાદામાં ઉલ્લેખ કરેલ છે) ની કલમ-૩(એ), ૪, ૫(એલ), ૬, ૧૨ મુજબનાં શિક્ષાને પાત્ર ગુન્હાનું ત્હોમતનામું ફરમાવવામાં આવેલ છે.

**(૨)** પોકસો એકટની કલમ–૩૩(૭) ની જોગવાઈઓ તથા નામદાર સર્વોચ્ચ અદાલતે **નિપુન સકસેના વિ. યુનિયન ઓફ ઈન્ડીયા – ૨૦૧૯(૨), એસસીસી, ૭૦૩** નાં કેસમાં નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા પ્રસ્થાપિત થયેલ માર્ગદર્શક સિધ્ધાંત મુજબ ભોગ બનનારની ઓળખ જાહેર ન થાય તે માટે ચુકાદામાં તેનું નામ અને વર્ણન દર્શાવવામાં આવેલ નથી. આ કામે બે ભોગ બનનાર હોય હવે પછી ભોગ બનનારનો ઉલ્લેખ ભોગ બનનાર (એન) અને ભોગ બનનાર (આર) તરીકે કરેલ છે અને આ કામે પુરાવો નોંધતા સમયે પણ ભોગ બનનારનો ઉલ્લેખ આજ રીતે થયેલ છે.

**(૩)** સદર કામની ફરિયાદ ભોગ બનનાર(એન)નાં પિતાએ તા.૧૯/૦૧/૨૦૨૫ નાં રોજ નોંધાવેલી જેની ટૂંકમાં હકીકત એવી છે કે, તેઓ ખેરગામ ભસ્તા ફળીયા ખાતે નટુભાઈ બર્જુલભાઈ પટેલના ગોળના કોલુ ઉપર મજુરીકામ કરવા માટે તેમની પત્ની જમનાબાઈ તથા તેમનો દીકરો સુનિલભાઈ તથા તેમની દીકરી ભોગ બનનાર(એન) ઉ.વ.૧૪ વર્ષ ૦૩ મહીના ૧૭ દિવસ તથા પૌત્ર અમિત તથા તેમના સાળાનો દીકરો જીતેન તથા અનિલ તથા મંગલી તથા ભોગ બનનાર (આર) ઉ.વ.૧૬ વર્ષ ૧૭ દિવસ નાઓ સાથે આવી તેમના શેઠ નટુભાઈ બર્જુલભાઈ પટેલનાઓના કોલુ ઉપર રહી મજુરી કામ કરતા હતા. તેમની દીકરી ભોગ બનનાર(એન) ભણેલી નથી અને તેમના સાળાની દીકરી ભોગ બનનાર(આર) ધોરણ –૦૮ સુધી ભણેલી છે અને ફરીયાદી પોતે અભણ છે.

**(૩.૧)** ગઈ તા.૧૨/૦૧/૨૦૨૫ નાંરોજ સાંજના સાત વાગ્યાથી તા.૧૩/૦૧/૨૦૨૫ નાં રોજ સવારના છ વાગ્યા સુધી તેઓ કોલુ ઉપર કામ કરી સુઈ ગયેલ હતા અને બપોરનાં એક વાગ્યે જાગી તેમની દીકરી ભોગ બનનાર(એન) તથા તેમના સાળાની દીકરી ભોગબનનાર (આર)નાઓ ખેરગામ દુકાનમાં સામાન લેવા માટે ગયેલ હતી અને દુકાનમાંથી સામાન લઈ કોલુ ઉપર આવી સામાન આપી તેઓને જણાવેલ કે, મકાઈનો લોટ ખેરગામ પેટ્રોલ પંપની સામે ચણા વેચવાવાળી માસીએ માંગેલ હોય જેથી માસીને મકાઈનો લોટ આપવા માટે જઈએ છીએ તેમ કહી કોલુ ઉપરથી લોટ આપવાનું કહી ગયેલ હતી તે વખતે તેમની દીકરી ભોગ બનનાર (એન)નાએ શરીરે લાલ કલરનો ડિઝાઈનવાળી કુર્તી તથા કમ્મરે કાળા કલરનો જીન્સ પેન્ટ પહેરેલ છે અને કેસરી બ્લુ કલરનો દુપટટો છે. જે ઘઉંવર્ણની મધ્યમ બાંધાની માથે લાંબા કાળા

વાળ છે અને આશરે ૫ ફુટ ઉંચાઈ છે તથા સાળાની દીકરી ભોગ બનનાર(આર)નાએ શરીરે કથ્થઈ સફેદ કલરની ડીઝાઈનવાળી કુર્તી તથા કમ્મરે સફેદ કલરનો પાઈજામો પહેરેલ છે અને સફેદ, કાળા કલરનો ફુલ ડિઝાઈનવાળો દુપટટો છે. જે ગોરા વર્ણની મધ્યમ બાંધાની, માથે કાળા લાંબા વાળ છે અને આશરે સાડા પાંચ ફુટ ઉંચાઈ છે. તેમની દીકરી ભોગ બનનાર(એન) તથા તેમના સાળાની દીકરી ભોગ બનનાર(આર) સાંજના છ વાગ્યા સુધી કોલુ ઉપર આવેલ ન હતી જેથી તેઓએ તેમના સગા સબંધીઓને આ બાબતે જાણ કરેલ અને તેઓ તેમની રીતે તેમની દીકરી ભોગ બનનાર(એન) તથા સાળાની દીકરી ભોગ બનનાર(આર)ની શોધખોળ કરતા હતા તેઓ બંને મળી આવેલ નહી જેથી બંને ભોગ બનનારને ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી કોઈક અજાણ્યા ઈસમ લલચાવી, ફોસલાવી તા.૧૩/૦૧/૨૦૨૫ નાં રોજ બપોરનાં કલાક–૧૩:૩૦ વાગ્યાનાં સમય દરમ્યાન અપહરણ કરી લઈ ગયેલ હોવાની ફરીયાદ ખેરગામ પોલીસ સ્ટેશનમાં ગુના રજીસ્ટર નંબર–૧૧૮૨૨૦૦૪૨૫૦૦૪૫/૨૦૨૫ થી નોંધી લેવામાં આવેલ છે.

(૪) આ કામે ગુનો નોંધાયા બાદ ખેરગામ પોલીસ સ્ટેશન દ્વારા આ ગુનાનાં કામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૮૭, ૬૪(૨)(આઈ)(એમ), ૬૫(૧) તથા જાતીય ગુનાઓમાં બાળકોને રક્ષણ આપતો અધિનિયમ (પોકસો એકટ) કલમ– ૩(એ), ૪, ૫(એલ), ૬, ૧૨ મુજબનો ઉમેરો કરવા બાબતનો રીપોર્ટ કરતા ખેરગામ જુયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીએ સદર રીપોર્ટ મંજુર કરેલ. ત્યારબાદ ગુનાની તપાસ દરમ્યાન બંને ભોગબનનારનું બી.એન.એસ.એસ. કલમ–૧૮૩ મુજબનું નિવેદન નોંધવામાં આવેલુ, પંચો રૂબરુ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરવામાં આવેલુ, બંને ભોગ બનનારે તથા આરોપીઓએ પહેરેલ કપડા પંચો રૂબરૂ પંચનામાંની વિગતે કબજે લેવાની કાર્યવાહી કરેલી તેમજ બંને ભોગ બનનાર તેમજ બંને આરોપીઓની મેડીકલ સારવાર કરાવી સારવારનાં પ્રમાણ પત્રો મેળવેલા, સારવાર દરમ્યાન ડોકટરશ્રીએ લીધેલ બંને ભોગ બનનાર તથા બંને આરોપીઓના મેડીકલ નમુના પંચો રૂબરૂ પંચનામાંની વિગતે કબજે કરી એફ.એસ.એલ.માં તપાસ અર્થે મોકલેલા, લાગતા વગળતા સાહેદોના નિવેદનો લઈ, તપાસનાં અંતે આ કામના આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય

તપાસ કરનાર અધિકારી દ્વારા આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ રજુ કરવામાં આવેલુ જે પોકસો કેસ નં.૦૪/૨૦૨૫ થી નોંધી લેવામાં આવેલ.

(૫) સદર ગુનાનાં કામે આરોપીઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ મુજબ પોલીસ પેપર્સની નકલ વિના મુલ્યે મળ્યાની ખાત્રી કર્યા બાદ આંક–૦૬ થી ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(આઈ)(એમ), ૬૫(૧) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ, ૨૦૧૨ ની કલમ– ૩(એ),૪,૫ (એલ), ૬, ૧૨ મુજબનાં ગુના સબબ તહોમતનામું ફરમાવી, તે આરોપીઓને વાંચી સંભળાવી, સમજાવી આંક–૦૭ તથા આંક–૦૮ થી આરોપીઓનું નિવેદન લેતાં આરોપીઓએ ગુનો કબુલ નહિ હોવાનું જણાવતા સદર કેસની ન્યાયિક ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. આરોપીઓએ ગુનાના આક્ષેપો કબુલ કરેલ ન હોઈ તેથી બી.એન.એસ.એસ.કલમ– ૨૫૩ અન્વયે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા પાત્ર હોઈ ફરિયાદ પક્ષે દસ્તાવેજી અને મૌખીક પુરાવો રજુ કરવા જણાવતા ઉપરોકત ફોર્મ–સી મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

(૬) ફરિયાદ પક્ષનો સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રેકર્ડ ઉપર રજૂ કર્યા બાદ વિદ્વાન એ.પી.પી.શ્રીનાઓ દ્વારા આંક–૧૦૯ થી ડ્રોપીંગ પુરસીસ તથા આંક–૧૧૦ થી કલોઝીંગ પુરસીસ રજૂ કરી તેઓ વધુ કોઈ પુરાવો રજૂ કરવા માંગતા નથી તેવુ જાહેર કરેલ. ત્યારબાદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ હેઠળ આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ. આરોપીઓએ ફરિયાદ પક્ષનાં પુરાવાનો ઈન્કાર કરીને, ''અમો નિર્દોષ ઈસમ છે અમારા ઉપર ખોટો કેસ કરી ખોટી રીતે અમારી ધરપકડ કરી ચાર્જશીટ કરેલ છે'', તેમ વિશેષમાં જણાવેલ છે.આરોપીઓએ બચાવમાં સાહેદો તપાસવા માંગતા નથી તેવુ જાહેર કરેલ છે.

(૬.૧) ત્યારબાદ વિ. એ.પી.પી.શ્રીએ આંક–૧૧૬ ની અરજી આપી અગાઉ ફરમાવેલ તહોમતનામામાં કેટલીક મહત્વની હકીકતોનો ઉલ્લેખ ન હોય નવેસરથી તહોમતનામું ફરમાવવા માંગણી કરેલી. સદર અરજી મંજુર કરવા સામે આરોપી પક્ષે વાંધો ન હોય અરજી કોર્ટે

ગ્રાહય રાખતા આરોપીઓ સામે ફરીથી તહોમતનામુ ફરમાવવામાં આવેલ. જે આંક–૦૬ નાં સાંધણથી આ કામે પ્રસ્તુત રાખેલ છે. બંને પક્ષકારો તરફે આંક–૧૨૨ ની સંયુકત પુરસીસ આપી તેઓ આ કામે પુરાવો આપવા માગતા નથી કે સાહેદોને રીકોલ કરવા માગતા નથી તેવુ જાહેર કરેલ છે.

**(૭)** ફરિયાદ પક્ષ તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી બી.જી.ગુપ્તાની દલીલો સાંભળવામાં આવી, તેઓએ દલીલમાં મુખ્યત્વે રજૂઆત કરેલ છે કે, આ કામે ભોગ બનનાર(એન) અને ભોગ બનનાર(આર) એમ બે ભોગ બનનાર છે. ભોગ બનનાર(એન) નાં પિતાએ આ કામે ફરીયાદ કરેલ છે. ભોગ બનનાર(આર) ફરીયાદીનાં સાળાની દીકરી થાય છે. આ કામે મુળ ફરીયાદ અજાણ્યા ઈસમ સામે બંને ભોગ બનનારનાં અપહરણ બાબતે કરવામાં આવેલ હતી. આ કામે બંને ભોગ બનનાર બનાવ સમયે સગીર હતી તે દર્શાવતો પુરતો પુરાવો ફરીયાદ પક્ષે રજુ કરેલ છે. ભોગ બનનાર(એન) નાં જન્મનો દાખલો આંક–૮૧ થી રજુ થયેલ છે. સાહેદ નં.૧૬ થી પંકેશ મોરીનો પુરાવો નોંધાયેલ છે. તેઓ જન્મ–મરણ રજીસ્ટ્રાર તરીકે ફરજ બજાવે છે. તેઓએ ભોગ બનનાર(એન)નું જન્મનું પ્રમાણપત્ર રજુ કરેલ છે. તેમનો પુરાવો તેમની કચેરીમાં નિભાવવામાં આવતા સરકારી રજીસ્ટરનાં આધારે આપવામાં આવેલ છે. આ પુરાવાનાં આધારે ભોગ બનનાર(એન)ની જન્મ તા.૦૧/૦૧/૨૦૧૦ ની હતી અને બનાવ સમયે તે પોકસો એકટની જોગવાઈઓ મુજબ સગીર વયની હતી તેવુ પુરવાર થાય છે. તેજ રીતે સાહેદ નં. ૧૭ થી રામબાઈ રાવતનો પુરાવો નોંધાયેલ છે. તેમનો પુરાવો ભોગ બનનાર (આર)ની જન્મ તારીખ બાબતે છે. આ સાહેદે પણ તેમની શાળામાં નિભાવવામાં આવતા રજીસ્ટરનાં આધારે પુરાવો આપેલ છે. સાહેદનાં પુરાવા મુજબ ભોગ બનનાર(આર)ની જન્મ તા.૦૫/૦૬/૨૦૦૮ ની છે. આ સાહેદે ભોગ બનનાર(આર) નાં જન્મ તારીખને લગતા દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે. જે સરકારી રેકર્ડ છે તેનાથી બનાવ સમયે ભોગ બનનાર(આર)ની ઉંમર ૧૮ વર્ષથી ઓછી હતી તેવુ પુરવાર થાય છે. આમ ફરીયાદપક્ષે બંને ભોગ બનનારની જન્મ તારીખ બાબતે મૌખિક અને દસ્તાવેજી પુરાવો આપેલ છે. જેનાથી પોકસો એકટની જોગવાઈઓ મુજબ બંને ભોગ બનનાર બનાવ સમયે સગીર વયની હતી તે બાબત પુરવાર થાય છે.

**(૭.૧)** ફરીયાદ પક્ષે સાહેદ નં.૧ થી ડો.મીતલબેન પટેલ મેડીકલ ઓફિસરનો પુરાવો

નોંધાયેલ છે. તેઓનાં પુરાવા મુજબ તેઓએ બંને ભોગ બનનારની સારવાર કરેલ અને સારવાર દરમ્યાન બંને ભોગ બનનારનાઓએ જણાવેલ હિસ્ટ્રીની વિગત પુરાવામાં દર્શાવેલ છે તે જોતાં બંને ભોગ બનનાર સાથે આરોપીઓએ અવાર નવાર શરીર સબંધ બાંધેલ હોવાની બાબત પુરવાર થાય છે.

**(૭.૨)** ફરીયાદ પક્ષે સાહેદ નં.ર થી ડો.મેહુલ બરૂવાલાનો પુરાવો નોંધાયેલ છે.તેઓનાં પુરાવા મુજબ તેઓ ફરજ પર હતા ત્યારે ભોગ બનનાર(એન)ને ગાયનેક ઓપીનીયન માટે રીફર કરવામાં આવેલા અને સારવાર દરમ્યાન ભોગ બનનારે જણાવેલ હીસ્ટ્રી તેમણે લખી લીધેલી જે જોતા આરોપી–ભોલા કાલુએ તેની સાથે એકથી વધુ વખત શરીર સબંધ બાંધેલ તેવુ પુરવાર થાય છે.

**(૭.૩)** ફરીયાદ પક્ષે સાહેદ નં.૩ થી ડો.કેતન પટેલનો પુરાવો નોંધાયેલ છે. તેઓએ બંને આરોપીઓની મેડીકલ સારવાર કરેલી. જેના જરૂરી પેપર્સ તેમણે રજુ કરેલા છે. ડો.સાહેદે સારવાર બંને આરોપીઓએ તેમની સમક્ષ જણાવેલ હીસ્ટ્રીની વિગતો પોતાનાં પુરાવામાં જણાવેલ છે તે જોતાં આરોપીઓએ ભોગ બનનાર સાથે એકથી વધુ વખત શરીર સબંધ બાંધેલ હોવાની બાબત પુરવાર થાય છે.

**(૭.૪)** ફરીયાદ પક્ષે સાહેદ નં.૪ થી ડો.નેહા પટેલ ગાયનોકોલોજીસ્ટનો પુરાવો નોંધાયેલ છે. તેઓ સમક્ષ ભોગ બનનાર(આર)ને ગાયનેક ઓપીનીયન માટે રીફર કરવામાં આવેલા. ભોગ બનનાર(આર)એ સ્વેચ્છાએ તેમની સમક્ષ બનાવ સબંધે વિગતો જણાવેલી આ વિગતોથી તેને આરોપી સાથે ફુલહાર કરી લગ્ન કરી લીધેલા અને મરજીથી શરીર સબંધ બાંધેલો તે હકીકત પુરવાર થાય છે તેમજ શરીર સબંધની બાબત પણ પુરવાર થાય છે.

**(૭.૫)** ફરીયાદ પક્ષે સાહેદ નં.૫ થી બીપીનચંદ્ર પટેલનો પુરાવો નોંધાયેલ છે. તેઓ તપાસ દરમ્યાન ગુનાવાળી જગ્યાનું પંચનામું કરવામાં આવેલ તે કાર્યવાહીનાં પંચ સાહેદ છે. તેમણે તેમની રૂબરૂ થયેલ કાર્યવાહીને સમર્થન કરતો પુરાવો આપેલ છે અને જણાવેલ છે કે, બંને ભોગ બનનાર જયાં બનાવ બનેલ ત્યાં તેમને લઈ ગયેલા. તેઓ પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે તેમજ બંને ભોગ બનનારનાં કપડા કબ્જે કર્યાની કાર્યવાહીને પણ તેઓએ સમર્થન આપેલ છે તેમજ મુદ્દામાલ સાથે નીકળેલ પંચ સ્લીપોમાં અને પંચનામામાં પોતાની

સહી ઓળખી બતાવે છે. આમ, સાહેદના પુરાવાથી તપાસ દરમ્યાન થયેલ પંચનામાની કાર્યવાહીને સમર્થન મળેલ છે.

**(૭.૬)** ફરીયાદ પક્ષે સાહેદ નં.૬ થી જૈશલભાઈ ચૌધરીનો પુરાવો નોંધાયેલ છે. તેઓ તપાસ દરમ્યાન આરોપીઓએ બનાવ સમયે પહેરેલ કપડા પંચનામું કરી કબ્જે લીધેલા તે કાર્યવાહીનાં પંચ સાહેદ છે. તેમણે તેમની રૂબરૂ થયેલ પંચનામાની કાર્યવાહીને સમર્થન આપેલ છે અને બંને આરોપીઓના કપડા તેમજ પંચનામામાં અને પંચ સ્લીપોમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. આમ, સાહેદનાં પુરાવાથી તપાસ દરમ્યાન થયેલ પંચનામાની કાર્યવાહીને સમર્થન મળેલ છે.

**(૭.૭)** ફરીયાદ પક્ષે સાહેદ નં.૭ થી મનોજભાઈ વાંસકોડીયા તેમજ સાહેદ નં.૮ થી રાકેશ તિવારીનો પુરાવો નોંધાયેલ છે. તેઓ તપાસ દરમ્યાન આરોપીઓની અટક કરી શરીર સ્થિતિનું પંચનામું કરવામાં આવેલ તે કાર્યવાહીનાં પંચ સાહેદો છે પરંતુ તેઓ આવી કોઈ કાર્યવાહી તેમની રૂબરૂમાં થયેલ હોવાનો ઈન્કાર કરે છે અને પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે તેમજ આ કામે પંચનામાની કાર્યવાહી કરનાર પોલીસ અધિકારી દ્વારા કાર્યવાહીને સમર્થન કરતો પુરાવો આપેલ છે જેને માનવો જોઈએ.

**(૭.૮)** ફરીયાદ પક્ષે સાહેદ નં.૯ થી રાકેશભાઈ અલાવાનો પુરાવો નોંધાયેલ છે. તેઓ આ કામે ભોગ બનનાર(એન)ના પિતા છે. તેઓના પુરાવા મુજબ તેઓને ભોગ બનનારની જન્મ તારીખ ખબર નથી.ભોગ બનનાર(એન) તેમજ ભોગ બનનાર(આર) બજાર ગયેલ અને ઘણો સમય થવા છતા ઘરે આવેલ નહી આથી તેઓ શોધવા માટે ગયેલા પરંતુ બંને ભોગ બનનાર મળી નહી આવતા બંને આરોપીઓને પુછેલ તો તેમણે જણાવેલ કે તેઓ ભોગ બનનારનાઓને લઈ ગયેલ નથી. ત્યારબાદ તેમણે પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી. જે ફરીયાદ આ કામે આંક-૫૮ થી રજુ થયેલ છે. સાહેદનાં પુરાવા મુજબ બંને ભોગ બનનાર આઠ દસ દિવસ પછી મળી આવેલ અને પોલીસ સ્ટેશન આવેલ જેથી તેઓ બધા ત્યાં ગયેલા પરંતુ તેઓએ ભોગ બનનારોને કશુ પુછેલુ નહી. ફરીયાદીએ વધુમાં જણાવેલ છે કે, ભોગ બનનારાઓને ટ્રેન બતાવવાનાં બહાને આરોપી માંગે લઈ ગયેલ અને બંને ભોગ બનનારાઓને ટ્રેનમાં બેસાડીને ભગાડી ગયેલ અને પોતે ગોળનાં કોલા ઉપર પરત આવી ગયેલ અને ત્યાર

બાદ બંને આરોપીઓ અને તેમના બે મિત્રો પણ ત્રણ દિવસ પછી ગોળના કોલા ઉપરથી ભાગી ગયેલા. બંને ભોગ બનનારા તથા આરોપીઓ યુ.પી.થી મળી આવેલાનું જણાવેલ છે.

**(૭.૯)** ફરીયાદ પક્ષે સાહેદ નં.૧૦ થી ભોગ બનનાર(એન)નો પુરાવો નોંધાયેલ છે. તેઓએ પોતાના પુરાવામાં જણાવેલ છે કે, તે ભોલા સાથે યુ.પી.મુકામે ભાગી ગયેલ અને ત્યાં રોકાયેલ પછી તેમણે લગ્ન કરી લીધેલા ત્યારબાદ શરીર સબંધ બનાવેલા. તે ભાગી ગયેલ ત્યારે તેની સાથે ભોગ બનનાર (આર) પણ હતી અને તે માંગે સાથે ભાગી ગયેલી. તેઓ ભાગી ગયેલા ત્યારે ગુજરાત ખાતે ચીખલીથી આગળ આવેલ ખેરગામ ખાતે રહેતા હતા અને તેઓ ખેરગામ ખાતે રહેતા હતા ત્યારે પણ આરોપી ભોલા સાથે શરીર સબંધ બનાવેલા. તેઓએ વધુમાં જણાવેલ છે કે, પોલીસ તેમને મેડીકલ તપાસ માટે દવાખાને લઈ ગયેલ તેમજ કોર્ટમાં જજ સાહેબ પાસે પણ લઈ ગયેલ ત્યાં તેની પુછપરછ કરેલી. તેઓ મેજીસ્ટ્રેટ રૂબરૂનાં નિવેદનમાં પોતાના અંગુઠાનું નિશાન ઓળખી બતાવે છે તેમજ આરોપીને પણ ઓળખી બતાવે છે અને મુદ્દામાલ પણ ઓળખી બતાવે છે. આમ ભોગ બનનાર(એન)નાઓએ ફરીયાદ પક્ષનાં કેસને સમર્થન કરતો પુરાવો આપેલ છે. તેમનો પુરાવો વિશ્વસનીય છે તેને નહી માનવાને કોઈ કારણ નથી.

**(૭.૧૦)** આ કામે આંક-૬૦ થી ભોગ બનનાર(એન)નું બી.એન.એસ.એસ.ની કલમ-૧૮૩ અન્વયેનું નિવેદન રજુ થયેલ છે. જેમાં પણ તેણે જણાવેલ છે કે, તે ગોળના કોલામાં મજુરી કામ કરતી હતી ત્યારે તેનો સંપર્ક આરોપી ભોલા કાલુ સાથે થયેલો અને તેઓને પ્રેમ સબંધ હોય એકબીજા સાથે લગ્ન કરવા માંગતા હતા તેથી તેની મરજીથી ઉત્તરપ્રદેશ ગયેલા અને ત્યાં એક મંદિરમાં જઈ લગ્ન કરેલા. તે તેની મરજીથી આરોપી ભોલા કાલુ સાથે ભાગી ગયેલ હોય તેની મરજી વિરૂધ્ધ કોઈ જબરજસ્તી કે બદકામ કરેલ નથી.આમ,મેજીસ્ટ્રેટશ્રી રૂબરૂના નિવેદનથી ભોગ બનનારના મૌખિક પુરાવાને સમર્થન મળે છે.

**(૭.૧૧)** ફરીયાદ પક્ષે સાહેદ નં.૧૧ થી ભોગ બનનાર(આર)નો પુરાવો નોંધાયેલ છે. તેઓએ પોતાના પુરાવામાં જણાવેલ છે કે, તેમની બહેન ભોગ બનનાર(એન)એ કોલુ ઉપર માંગે સાથે વાત કરાવેલી અને માંગેએ તેમની સાથે કોલુ ઉપર સબંધ બાંધેલો. ત્યારબાદ માંગે તેને તેના ગામ યુ.પી.મુકામે લઈ ગયેલ લગ્ન કરેલા અને સબંધ બાંધેલા. ગુજરાત પોલીસ

લેવા આવતા ગુજરાત આવી ગયેલા. ત્યારબાદ તેની મેડીકલ તપાસ કરવામાં આવેલી અને કોર્ટમાં જજ સાહેબ પાસે લઈ જવામા આવેલ જયા તેની પુછપરછ કરેલી. કોર્ટ રૂબરૂના નિવેદનમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે તેમજ કોર્ટમાં બેઠેલા આરોપીને ઓળખી બતાવેલ છે અને તપાસ દરમ્યાન કબજે લીધેલ કપડાને ઓળખી બતાવેલ છે. આમ,આ સાહેદે પણ ફરીયાદપક્ષનાં કેસને સમર્થન કરતો પુરાવો આપેલ છે. આ સાહેદનું કોર્ટ રૂબરૂનું બી.એન. એસ.એસ.કલમ–૧૮૩ મુજબનું નિવેદન આંક–૬૨ થી રજુ છે અને તેણે જણાવેલ છે કે, તે ગોળના કોલામાં કામ કરતા હતા ત્યારે તેનો સંપર્ક આરોપી સાથે થયેલો અને પ્રેમ સબંધ થતા તે અને આરોપી લગ્ન કરવા માંગતા હોય મરજીથી યુ.પી.નાં ગામ જતા રહેલા અને ત્યાં એક મંદિરમાં લગ્ન કરેલા. આરોપીએ તેમની મરજી વિરૂધ્ધ કોઈ જબરજસ્તી કે બદકામ કરેલ નથી. આમ, ભોગ બનનારનાં પુરાવાને કોર્ટ રૂબરૂનાં નિવેદનથી પણ સમર્થન મળે છે.

**(૭.૧૨)** ફરીયાદ પક્ષે સાહેદ નં.૧૩ થી મેશોકભાઈ ભીમસીંગભાઈ ગામીત પી.એસ. આઈનો પુરાવો નોંધાયેલ છે. તેમણે પોતાના પુરાવામાં જણાવેલ છે કે, ફરીયાદીએ લખાવ્યા મુજબની ફરીયાદ તેમણે લખી લીધેલી અને ગુનો નોંધી અજાણ્યા ઈસમ વિરૂધ્ધ ફરીયાદ નોંધેલી તેમજ ફરીયાદનાં કામે લાગતા વળગતા સાહેદોનાં નિવેદનો લીધેલા. સી.ડી.આર. મંગાવવા જરૂરી તજવીજ કરેલી. ભોગ બનનારના જન્મમાં પુરાવા ફરીયાદ સમયે રજુ થયેલ નહી તેથી તેઓના આધાર પુરાવા મેળવવાની કામગીરી કર્યાનું જણાવેલ છે.

**(૭.૧૩)** ફરીયાદ પક્ષે સાહેદ નં.૧૪ થી મહમદ ઈરફાન સૈયદનો પુરાવો નોંધાયેલ છે. તેઓએ પોતાના પુરાવામાં જણાવેલ છે કે, ફરીયાદીનાં લખાવ્યા મુજબનું વિશેષ નિવેદન લીધેલુ. બંને ભોગ બનનાર મળી આવતા તેમના નિવેદન લીધેલા. બંનેએ પોતાનાં નિવેદનમાં આરોપીઓએ તેમની સાથે શરીર સબંધ બાંધેલાનું જણાવેલ છે.

**(૭.૧૪)** ફરીયાદ પક્ષે સાહેદ નં.૧૫ થી દીપક કોરાટનો પુરાવો નોંધાયેલ છે. તેઓએ પોતાના પુરાવામાં જણાવેલ છે કે, તપાસ દરમ્યાન બંને ભોગ બનનારનાં વિશેષ નિવેદનો લીધેલા. પોકસો એકટ હેઠળ ગુનો બનતો હોય મુળ ફરીયાદમાં પોકસો એકટનો ઉમેરો કરવા કોર્ટમાં યાદી કરેલી. બંને ભોગ બનનારને મેડીકલ તપાસ માટે મોકલેલા. ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલુ. બનાવ સમયે પહેરેલ કપડા કબજે કરવાની કામગીરી કરેલી. બંને ભોગ

બનનારનાં બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબ નિવેદન લેવાની કાર્યવાહી કરેલી. એફ.એસ.એલ. અધીકારીને સ્થળ નીરીક્ષણ કરવા યાદી કરેલી. વિગેરે કામગીરી કરેલાની કાર્યવાહીને સમર્થન કરતો પુરાવો આપેલ છે.

**(૭.૧૫)** ફરીયાદ પક્ષે સાહેદ નં.૧૬ થી પંકેશ મોરીનો પુરાવો નોંધાયેલ છે. તેઓ જન્મ મરણ ઉપ રજીસ્ટ્રાર ગ્રામ પંચાયત બાંદા,જિ.ધાર,મધ્યપ્રદેશ ખાતે ફરજ બજાવે છે તેઓએ જણાવેલ છે કે તેઓએ ભોગ બનનાર (એન)ના જન્મનું પ્રમાણપત્ર આપેલુ તે મુજબ ભોગ બનનાર(એન)ની જન્મ તા.૦૧/૦૧/૨૦૧૦ ની છે. તેમની કચેરીનાં જન્મ રજીસ્ટરનાં આધારે તેમણે પુરાવો આપતા જણાવેલ છે કે ભોગ બનનાર(એન) ના જન્મની નોંધ કરવામાં આવેલી તે મુજબ આ પ્રમાણપત્ર ઈસ્યુ કરવામાં આવેલ છે. આ જન્મની નોંધણી નાયબ તહસીલદારનાં તા.૨૭/૦૨/૨૦૨૫ નાં રોજનાં હુકમનાં આધારે કરવામાં આવેલી. જે હુકમ તેઓએ આંક–૯૦ થી રજુ કરેલ છે. આમ સાહેદે સરકારી રેકર્ડનાં આધારે પોતાનો પુરાવો આપી ભોગ બનનાર(એન)ની જન્મ તારીખ પુરવાર કરેલ છે.

**(૭.૧૬)** ફરીયાદ પક્ષે સાહેદ નં.૧૭ થી રામબાઈ રાવતનો પુરાવો નોંધાયેલ છે. તેઓએ પોતાનાં પુરાવામાં જણાવેલ છે કે, તેઓ છેલ્લા ૨૫ વર્ષથી પ્રાથમિક શાળા,ઢિલવાણી,જિ.ધાર ખાતે ફરજ બજાવે છે. હાલ તેઓ પ્રાથમિક શિક્ષક તરીકે ફરજ બજાવે છે. તેઓ ભોગ બનનાર (આર)ની જન્મ તા.૦૫/૦૬/૨૦૦૮ ની હોવાનું તેમની શાળાના જનરલ રજીસ્ટરને આધારે જણાવે છે અને શાળાના રજીસ્ટરની સંબંધીત નોંધ કોર્ટમાં રજુ કરેલ છે. તેમની શાળામાંથી ભોગ બનનાર(આર)ને સ્થાળાંતર પ્રમાણપત્ર આપવામાં આવેલુ તેની કોપી પણ રજુ કરે છે. તેમજ ભોગ બનનાર(આર)નું પ્રગતિત્રક પણ રજુ કરેલ છે. આમ સાહેદે શાળાનાં દસ્તાવેજો આધારીત પુરાવો આપી ભોગ બનનાર(આર)ની જન્મ તારીખ પુરવાર કરેલ છે.

**(૭.૧૭)** ફરીયાદ પક્ષે સાહેદ નં.૧૮ થી પીનલબેન ચૌધરીનો પુરાવો નોંધાયેલ છે. તેઓ ગુનાના કામે આરોપી મળી આવતા તેઓની શરીર સ્થિતિનું અટક પંચનામું તેઓની હાજરીમાં કરેલુ તેમજ બંને આરોપીઓએ બનાવ સમયે પહેરેલ કપડા પંચનામાની વિગતે કબજે લીધેલાનું જણાવેલ છે તેમજ મુદ્દામાલને એફ.એસ.એલ.ખાતે મોકલ્યાની કાર્યવાહીને સમર્થન કરતો પુરાવો આપેલ છે. આમ સાહેદ દ્વારા તપાસ કાર્યવાહીને સમર્થન કરતો પુરાવો આપવામાં

આવેલ છે.

**(૭.૧૮)** આમ ફરીયાદ પક્ષે રજુ થયેલ તમામ પુરાવો જોતાં બનાવ સમયે બંને ભોગ બનનાર(એન)અને (આર) સગીર હતા તેવુ નિશંકપણે પુરવાર થાય છે. બંને ભોગ બનનારની ઉંમર બાબતે જરૂરી સબંધીત સત્તાધીકારીઓને કોર્ટ રૂબરૂ તપાસવામાં આવેલા છે. જેના દ્વારા જન્મ તારીખ સબંધે પ્રમાણભુત પુરાવો રજુ થયેલો છે. આ એક સરકારી દસ્તાવેજ છે જે ખોટુ પુરવાર ન થાય છે ત્યાં સુધી સાચુ છે તેવુ અનુમાન કરવાનું રહે છે. આમ, ફરીયાદ પક્ષે બંને ભોગ બનનારની જન્મ તારીખ બાબતે પુરતો પુરાવો રજુ થયેલ છે અને કોઈ વિરૂધ્ધની હકીકત બહાર આવેલ નથી.

**(૭.૧૯)** બંને ભોગ બનનારે કોર્ટ રૂબરૂ જે પુરાવો આપેલો છે તે જોતાં આરોપીઓએ તેઓ સાથે લગ્ન કરેલા અને બંને પતિ પત્નીની જેમ લાંબા સમય સુધી રહેલા તે હકીકત પુરવાર થાય છે. બંને ભોગ બનનારે આરોપીઓએ તેમની સાથે શરીર સબંધ બાંધેલા તે બાબતે કોર્ટ રૂબરૂ જે પુરાવો આપેલો છે તેને નહી માનવાને કોઈ કારણ નથી. ભોગ બનનારનાં કોર્ટ રૂબરૂનાં પુરાવાને મેજીસ્ટ્રેટ રૂબરૂનાં નિવેદનથી પણ સમર્થન મળે છે. મેજીસ્ટ્રેટ રૂબરૂનાં નિવેદનમાં આરોપીઓએ તેમની સાથે જબરજસ્તી કરેલ નથી તેવા કથનનો અર્થ શરીર સબંધ બાંધ્યો નથી તેવો થઈ શકે નહી. આ માટે આખુ નિવેદન જોતા તેઓ લગ્ન કરીને સાથે રહેલ છે અને એકથી વધુ વખત શરીર સબંધ બાંધ્યાની બાબત પણ તેઓના પુરાવાથી પુરવાર થાય છે. બંને ભોગ બનનારનાં પુરાવાને મેડીકલ ઓફિસર સમક્ષ એકથી વધુ વખત જણાવેલ હિસ્ટ્રીની વિગતોથી પણ સમર્થન મળેલ છે. બંને ભોગ બનનારે કોર્ટ રૂબરૂ, મેજીસ્ટ્રેટ રૂબરૂનાં નિવેદનમાં તેમજ ડોકટરશ્રીઓની રૂબરૂની હિસ્ટ્રીમાં એક સરખી હકીકતો જણાવેલ છે. જેનાથી ભોગ બનનારના પુરાવાને સમર્થન મળે છે. આરોપીઓએ પણ ડોકટરશ્રી સમક્ષ સારવાર દરમ્યાન જણાવેલ વિગતો એ સ્વેચ્છિક નિવેદન ગણાય અને પુરાવામાં ગ્રાહ્ય રાખવા પાત્ર છે જેનાથી પણ ફરીયાદ પક્ષનાં કેસને સમર્થન મળે છે. આ ગુનો પોકસો એકટ હેઠળનો હોય જયારે બંને ભોગ બનનારની જન્મ તારીખ સાબિત થતી હોય શરીર સબંધ બાબતની તેઓની મરજી મહત્વની ગણાય નહી. મેડીકલ રીપોર્ટ જોતાં બંને આરોપીઓ શરીર સબંધ બાંધવા માટે સક્ષમ હતા તેવુ પુરવાર થાય છે. આ કામે તપાસ દરમ્યાન કરવામાં આવેલ કાર્યવાહીને

પુરવાર કરતો પુરાવો રજુ થયેલ છે. આમ, ફરિયાદ પક્ષ આરોપીઓ સામે આક્ષેપીત ગુનો સાબિત કરવામાં સફળ રહેલ હોવાનું ઠરાવી આરોપીઓને આક્ષેપીત ગુનામાં તકસીરવાર ઠરાવવા દલીલ કરેલ છે અને દલીલનાં સમર્થનમાં નીચે મુજબનાં ચુકાદાઓ ઉપર આધાર રાખેલ છે.

(1) CRIMINAL APPEAL NO.8359 OF 2023 FARDIN KHAN VS. THE STATE OF MADHYA PRADESH

(2) CRL.A.610/2020 RAJENDER SHARMA VS. THE STATE (GOVT OF NCT) DELHI

(૮) આરોપીઓ તરફે વિદ્વાન વકીલ શ્રી વી.એ.નાયકનાઓએ કરેલ દલીલની ચર્ચા હવે પછી સબંધીત જગ્યાએ કરવામાં આવેલ છે.

(૯) ઉપરોકત રજૂઆતને લક્ષમાં લેતાં, આ કેસનાં નિર્ણય માટે નીચે મુજબના મુદ્ધાઓ ઉપસ્થિત થાય છે:–

**મુદ્ધા નં.૧:** શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, બનાવ સમયે બંને ભોગ બનનાર(આર) અને (એન) સગીર વયની હતી ?

**મુદ્ધા નં.ર:** શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ તા. ૧૩/૦૧/૨૦૨૫ નાં રોજ કલાક–૧૩:૩૦ વાગ્યાનાં સુમારે અગર તો તે અરસામાં ફરીયાદીની સગીર વયની દીકરી ભોગ બનનાર(એન) તથા તેમના સાળાની સગીર વયની દીકરી ભોગ બનનાર (આર) નાઓને લલચાવી ફોસલાવી ફરીયાદીનાં કાયદેસરનાં વાલીપણામાં થી અપહરણ કરી ભગાડીને લઈ જઈ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ–૧૩૭(૨), ૮૭ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

**મુદ્ધા નં.૩:** શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ફરીયાદીની દિકરી ભોગબનનાર(એન) તથા ફરીયાદીનાં સાળાની દીકરી ભોગબનનાર (આર) બંને સગીર વયની હોવાનું આરોપીઓ જાણતા હોવા છતાં

આરોપીઓએ તા.૧૩/૦૧/૨૦૨૫ નાંરોજ કલાક–૧૩:૩૦નાં સુમારે લગ્ન કરવાની લાલચ આપી ફરીયાદીનાં કાયદેસરનાં વાલીપણામાંથી અપહરણ કરી ઉત્તરપ્રદેશ રાજયમાં આરોપીઓ પોત પોતાના ઘરે લઈ જઈ બંને ભોગબનનાર સગીર વયની હોવાનું જાણવા છતાં ભોગ બનનાર સાથે અવાર નવાર શરીર સબંધ બાંધી સંભોગ કરી આરોપીઓએ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ– ૬૪(૨)(આઈ)(એમ), ૬૫(૧) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૩(એ), ૪, ૫(એલ), ૬,૧૨ મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

**મુદ્દા નં.૪:** શું હુકમ?

**(૧૦)** ઉપરોકત મુદ્દાઓના આ કોર્ટના નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧: હકારાત્મક.

મુદ્દા નં.૨: નકારાત્મક.

મુદ્દા નં.૩: હકારાત્મક.

મુદ્દા નં.૪: આખરી હુકમ મુજબ.

**–::– કારણો –::–**

**મુદ્દા નં.૧:–**

**(૧૧)** હાલનો કેસ પોકસો એકટ અન્વયેનો હોય ભોગ બનનાર સગીર વયના હતા તે હકીકત ફરિયાદપક્ષે અનિવાર્યપણે સાબિત કરવાની રહે છે.પોકસો એકટની કલમ–૩૩(૭) ની જોગવાઈઓ તેમજ સદરહું કાયદાની કલમ–૨(ડી) માં બાળકની વ્યાખ્યા ૧૮ વર્ષથી નીચેની વયનું બાળક તરીકે કરેલ છે, તે જોતા હાલનાં કામે બનાવ તા.૧૩/૦૧/૨૦૨૫ ના રોજ બનેલ છે, ફરીયાદ પક્ષનાં કેસ મુજબ બનાવ વખતે ભોગ બનનાર (આર) ની ઉંમર ૧૫

વર્ષ અને ૧૨ દિવસની હતી તેમજ ભોગ બનનાર(એન) ની ઉંમર ૧૬ વર્ષ ૦૭ મહીના અને ૦૮ દિવસની હતી. વધુમાં **જર્નલસિંઘ વિરૂધ્ધ સ્ટેટ ઓફ હરીયાણા, એ.આઈ.આર.૨૦૧૩ એસસી ૩૪૬૭** નાં કેસમાં ભોગ બનનારની વય નકકી કરવા બાબતે જે માર્ગદર્શક સિધ્ધાંતો આપ્યા છે તે ધ્યાને લેતાં તેમજ સાથે સાથે જુવેનાઈલ જસ્ટીસ એકટના રૂલ્સ-૧૨ મુજબ મેટ્રીકયુલેશન અથવા તેને સમકક્ષ શાળાનું પ્રમાણપત્ર અથવા શાળામાં પ્રવેશ મેળવ્યો હોય તે અંગેનું પ્રમાણપત્ર અથવા મ્યુનિ.કોર્પોરેશન અથવા પંચાયતમાં નોંધાયેલ પ્રમાણપત્રને જન્મ તારીખ નકકી કરવા માટે આધારભુત પુરાવો ગણી શકાય. આ ઉપરાંત જુવેનાઈલ જસ્ટીસ એકટની કલમ-૯૪(૨) થી વય નકકી કરવા માટે જોગવાઈ કરવામાં આવી છે તે મુજબ જન્મનું પ્રમાણપત્ર અને તે ન હોય ત્યારે મ્યુનિ.કોર્પોરેશને આપેલ પ્રમાણપત્રને પ્રમાણભુત પુરાવો ગણવાની જોગવાઈ થયેલ છે અને આ માટે ઓસીફીકેશન ટેસ્ટ આવશ્યક નથી. વધુમાં ભારતીય પુરાવા અધિનિયમન કલમ-૩૫ અધિકૃત રજીસ્ટર અથવા રેકર્ડમાં કરવામાં આવતી નોંધ અંગે છે. આ નોંધ પોતાની અધિકૃત ફરજ દરમ્યાન કરવામાં આવતી નોંધ છે જે ખાનગી હોતી નથી, આ નોંધ ફરજના ભાગ રૂપે કરવામાં આવતી હોય છે તેમાં ચોકસાઈનું તત્વ હોય છે, આ કલમ હેઠળ આવી નોંધ પુરાવામાં પ્રસ્તુત છે અને આવો પુરાવો કોઈ હકીકતનું અસ્તિત્વ કે બિનઅસ્તિત્વ નકકી કરવા માટે મહત્વનો ગણાય.

**(૧૨)** ફરીયાદપક્ષનાં કેસ મુજબ બનાવ સમયે આ કામનાં બંને ભોગ બનનાર પોકસો એકટની જોગવાઈઓ મુજબ સગીર હતા તેવુ ફરીયાદ પક્ષે પુરવાર કરવાનું રહે છે. આ માટે ફરીયાદ પક્ષે નીચે મુજબનો પુરાવો રજુ થયેલ છે.

**(૧૩)** ફરિયાદ પક્ષે બનાવ સમયે ભોગ બનનાર સગીર હતી તે પુરવાર કરવા માટે સાહેદ પંકેશ મોરી રજીસ્ટ્રાર(સચીવ) ગ્રામ પંચાયત, બાંદા જ.પ.બાગ, જિ.ધાર,નો પુરાવો (આંક-૮૭) સાહેદ નં.૧૬ થી નોંધાયેલ છે. તેઓએ પોતાની કચેરીમાં નિભાવવામાં આવતા રજીસ્ટરને આધારે પોતાનો પુરાવો આપેલ છે. તેમનાં પુરાવા મુજબ ભોગ બનનાર(આર)ની જન્મ તા.૦૧/૦૧/૨૦૧૦ છે તે બાબતનું જન્મનું પ્રમાણપત્ર તેમણે આપેલુ. તેમની કચેરીનાં જન્મ રજીસ્ટરનાં નોંધણી ક્રમાંક-૪૯ થી ભોગ બનનાર(આર)નાં જન્મની નોંધ થયેલ છે.

તેની પ્રમાણિત નકલ આંક–૮૯ થી રજુ થયેલ છે. સાહેદનાં પુરાવા મુજબ આ નોંધણી તેમનાં ઉપરી શ્રી સુરેશચંદ્ર જામર, નાયબ તહસીલદારે તા.૨૭/૦૨/૨૦૨૫ નાં રોજ કરેલ હુકમનાં આધારે કરવામાં આવેલી. જે હુકમ તેમણે આંક–૯૦ થી રજુ કરેલ છે. સાહેદ જણાવે છે કે, ભોગ બનનાર(આર) નાં જન્મ સમયે નોંધ થયેલ નહી જેથી આ નોંધ હુકમનાં આધારે કરવામાં આવેલી. આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓ સ્વીકારે છે કે ઉપરીએ કયા દસ્તાવેજનાં આધારે હુકમ કરેલ તેની ખબર નથી અને તેવા દસ્તાવેજ તેઓ સાથે લાવ્યા નથી. હાલનો કેસ થયા બાદ ખોટીરીતે ભોગ બનનાર(આર)નાં જન્મની નોંધ કરી ખોટો દાખલો ઈસ્યુ કર્યાનો તેઓ ઈન્કાર કરે છે. આંક–૯૦ થી રજુ નાયબ તહસીલદારનો આદેશ જોતાં તેમણે ભોગ બનનારનાં પિતાએ કરેલ અરજી તથા જરૂરી પુરવા, દસ્તાવેજો સંતોષકારક જણાતા આ આદેશ કરેલાનું જણાય છે. તમામ પુરાવાને ધ્યાને લેતાં, ભોગ બનનાર(આર)નો જન્મ તારીખ.૦૧/૦૧/૨૦૧૦ ના રોજ થયેલ હોવાનું પુરાવામાં રેકર્ડ ઉપર આવેલ છે.

**(૧૩.૧)** ફરીયાદ પક્ષે ભોગ બનનાર(એન)ની વય પુરવાર કરવા માટે સાહેદ રામબાઈ વસંતસિંહ રાવતનો પુરાવો(આંક–૯૧) સાહેદ નં.૧૭ થી નોંધાયેલ છે.તેઓ છેલ્લા ૨૫ વર્ષથી પ્રાથમિક શાળા ઢીલવાણી, જિ.ધાર ખાતે ફરજ બજાવે છે. તેઓએ પોતાનો પુરાવો તેમની શાળામાં નિભાવવામાં આવતા જનરલ રજીસ્ટરને આધારે આપેલ છે. તેમનાં જણાવ્યા મુજબ ભોગ બનનાર(એન) ના નામ અને જન્મ તારીખની નોંધ જનરલ રજીસ્ટરનાં પાના નં.૬૦ ઉપર સ્ટુડન્ટ સ્કોલર નં.૫૨૭ થી કરવામાં આવેલ છે. તેઓએ જનરલ રજીસ્ટરની પ્રમાણિત નકલ આંક–૯૨ થી રજુ કરેલ છે. તેઓ તેમની સાથે તેમની શાળામાંથી ભોગ બનનારને તા.૩૦/૦૬/૨૦૨૦નાં રોજ આપેલ સ્થળાંતર પ્રમાણપત્રની કોપી આંક–૯૩ થી રજુ કરેલ છે જે તેમની શાળામાં નિભાવવામાં આવતા રજીસ્ટરનાં આધારે તૈયાર થયેલ છે તેમજ સદર સાહેદ આંક–૯૪ થી ભોગ બનનાર(એન) નું ધોરણ–૫ નું શાળા દ્વારા ઈસ્યુ થયેલ પ્રગતિપત્રક રજુ કરેલ છે. આમ, સાહેદ દ્વારા રજુ કરાયેલ દસ્તાવેજોમાં ભોગ બનનાર(એન)ની જન્મ તા.૦૫/૦૬/૨૦૦૮ ની દર્શાવેલ હોય તેવું સ્પષ્ટ થાય છે. આમ રજુ પુરાવાને ધ્યાને લેતાં, ભોગ બનનાર(એન) નો જન્મ તા.૦૫/૦૬/૨૦૦૮ ના રોજ થયેલ હોવાનું પુરાવામાં રેકર્ડ ઉપર આવેલ છે.

**(૧૩.૨)** આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સાહેદ જણાવે છે કે, ભોગ બનનારની જન્મ તારીખ કયા દસ્તાવેજનાં આધારે નોંધવામાં આવેલી તેનો આધાર તેઓ લાવેલ નથી. તેઓ જણાવે છે કે,ભોગ બનનાર(એન) ના પિતાએ જણાવેલ તારીખ મુજબ નોંધ કરેલી. તેઓ સ્વીકારે છે કે, ભોગ બનનારનાં સ્કુલમાં દાખલ કરતા સમયે જન્મના દસ્તાવેજનો આધાર લીધેલ નહી. કોઈ બાળકની ઉંમર છ વર્ષથી પણ વધારે હોય તો પણ બાળકનાં માતા-પિતા ઉંમર ઓછી બતાવી બાળકનો પ્રવેશ ધોરણ-૧ માં લઈ શકે તેવા સુચનનો તેમણે ઈન્કાર કરેલ છે.

**(૧૩.૩)** આરોપીઓનાં વિ.વકીલશ્રીની દલીલ છે કે, આ કામે બે ભોગ બનનાર છે તે પૈકી ભોગ બનનાર (એન) ના પિતા રાકેશભાઈએ પોતાનાં કોર્ટ રૂબરૂનાં મૌખિક પુરાવામાં પોતાની ભોગ બનનાર દીકરીની જન્મ તારીખ ખબર નહી હોવાનું જણાવેલ છે. તેઓએ પોતાની ફરીયાદમાં પણ ભોગ બનનાર(એન) ની જન્મ તારીખ જણાવેલ નથી અને ભોગ બનનાર (એન) ની ઉંમર ફરીયાદમાં આશરે જણાવેલ છે. આમ તેઓએ પોતાની ભોગબનનાર દીકરીની વય વિષે કોઈ સ્પષ્ટ હકીકત જણાવેલ નથી. સાહેદ નં.૧૬-પંકેશ મોરીનો પુરાવો ભોગ બનનાર (એન) ની જન્મ તારીખ સબંધે છે તેઓએ ભોગ બનનાર(એન)નો જન્મનો દાખલો રજુ કરેલ છે. આ દાખલો તા.૨૭/૦૨/૨૦૨૫ એટલે કે, તા.૧૩/૦૧/૨૦૨૫ નાં બનાવ સબંધીત તા.૧૯/૦૧/૨૦૨૫ નાં રોજ ફરીયાદ દાખલ થઈ ત્યાર બાદનો છે. આમ, આ દાખલો ફરીયાદ દાખલ થયા બાદ ઈસ્યુ થયેલ છે. જન્મનાં દાખલા સબંધીત ફરીયાદીએ કોઈ હકીકત પોતાનાં પુરાવામાં જણાવેલ નથી. ભોગ બનનાર(એન) નાં જન્મની નોંધ બાબતે નાયબ તહસીલદારે હુકમ કરેલ છે પરંતુ ભોગ બનનાર(એન) નાં જન્મનાં દસ્તાવેજો સબંધીત જરૂરી આધાર આ કામે રજુ થયેલ નથી. કયા દસ્તાવેજોનાં આધારે આ દાખલો રજુ થયો તે સબંધીત કોઈ પુરાવો નથી. આ કામે ભોગ બનનાર(એન) નાં માતાને કે તેનાં નજીકનાં સબંધીને જન્મ તારીખ પુરવાર કરવા માટે તપાસવામાં આવેલ નથી. આમ, ભોગ બનનાર (એન) ના જન્મનો દાખલો પાછળથી ઉભો કરી રજુ થયેલ છે. ભોગ બનનાર(એન) નાએ કોર્ટ રૂબરૂનાં પુરાવામાં પોતાની ઉંમર ૧૭ વર્ષની જણાવેલ છે અને કોર્ટે પુછેલા પ્રશ્નમાં પોતાની જન્મ તારીખ ખબર નહી હોવાનું જણાવેલ છે. ભોગ બનનાર(એન) નાઓએ બી.એન.એસ.

એસ.કલમ–૧૮૩ અન્વયેનાં નિવેદન સમયે પોતાની ઉંમર ૧૫ વર્ષની જણાવેલ છે. આમ, ભોગ બનનાર(એન) ની ઉંમર અંગે ફરીયાદ પક્ષનાં પુરાવામાં ઘણી વિસંગતતાઓ છે.

**(૧૩.૪)** આરોપીઓનાં વિ.વકીલશ્રીની વધુમાં દલીલ છે કે, ભોગ બનનાર(આર)નાં માતા કે પિતાને ભોગ બનનાર(આર)ની જન્મ તારીખ પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે તપાસેલ નથી. તેમજ ભોગ બનનાર(આર)નો જન્મનો દાખલો ફરીયાદ પક્ષે રજુ કરેલ નથી. ભોગ બનનાર(આર) ની વય નકકી કરવા માટે એલ.સી. રજુ થયેલ છે પરંતુ સુપ્રિમ કોર્ટનાં માર્ગદર્શક સિધ્ધાંતો મુજબ એલ.સી.નાં આધારે જન્મ તારીખ નકકી થઈ શકે નહી. ભોગ બનનાર(આર) ની વય પુરવાર કરવા માટે સાહેદ નં.૧૭ થી શાળાનાં શિક્ષક રામબાઈ રાવતને તપાસેલ છે તેઓ ભોગ બનનાર(આર) ની જન્મ તા.૦૫/૦૬/૨૦૦૮ ની જણાવે છે પરંતુ ભોગ બનનાર (આર) નો કોર્ટ રૂબરૂનો પુરાવો સાહેદ નં.૧૧ થી નોંધાયેલ છે તે જોતા તેણે કોર્ટ રૂબરૂ પોતાની ઉંમર આશરે ૧૬ વર્ષની લખાવેલ છે અને કોર્ટે પુછેલા પ્રશ્નનાં જવાબમાં જન્મ તારીખની ખબર નહી હોવાનું અને તેનો જન્મ સને ૨૦૦૯ માં થયેલ હોવાનો જણાવેલ છે. ભોગ બનનાર(આર) નું બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ અન્વયેનું નિવેદન જોતાં તેમાં તેણે પોતાની ઉંમર ૧૬ વર્ષની દર્શાવેલ છે. આમ, ભોગ બનનાર(આર)ની જન્મ તારીખ અંગેનાં પુરાવામાં ઘણી વિસંગતતા છે.

**(૧૩.૫)** આરોપીઓ તરફે થયેલ ઉપરોકત રજુઆતનું મુલ્યાંકન કરતા એવુ જણાય છે કે, ભોગ બનનારનાં જન્મનું પ્રમાણપત્ર ફરીયાદ નોંધાયા પછી ઈસ્યુ કરવામાં આવ્યુ છે માત્ર તે કારણે એવુ અનુમાન થઈ શકે નહી કે આ દસ્તાવેજ ખોટો છે. આ દસ્તાવેજ ઓફિસ્યલ રેકર્ડ આધારીત જેન્યુઅન દસ્તાવેજ છે કે કેમ અને આવુ પ્રમાણપત્ર સક્ષમ અધિકારી દ્વારા નીતી નિયમો મુજબ ઈસ્યુ કરવામાં આવેલ છે કે કેમ એ જોવાનું રહે છે. આ કેસમાં ફરીયાદ પક્ષે માત્ર જન્મનું પ્રમાણપત્ર રજુ કરેલ નથી પરંતુ ગ્રામ પંચાયત રજીસ્ટરની નોંધ પણ રજુ કરેલ છે અને સબંધીત ગ્રામ પંચાયતનાં હોદ્દો ધરાવનાર કર્મચારીએ મૌખિક પુરાવાથી રજુ દસ્તાવેજને સમર્થન કરતો પુરાવો આપી આ નોંધ તેમનાં ઓફિસ્યલ રજીસ્ટરમાં થયેલ હોવા બાબતે અને આ નોંધ ઉપરી અધિકારી એટલે કે તહસીલદારનાં લેખિત આદેશ મુજબ થયેલ હોવાથી પ્રમાણ પત્ર ઈસ્યુ થયાનું જણાવેલ છે. સાહેદ દ્વારા તહસીલદારનો લેખિત આદેશ પણ રજુ કરવામાં

આવેલ છે જેમાં જણાવ્યા મુજબ ભોગ બનનાર(એન)ના પિતાની અરજી તથા સપોર્ટીવ દસ્તાવેજોની ચકાસણી કર્યા બાદ સર્ટીફીકેટ ઈસ્યુ કરવાનો આદેશ કરવામાં આવેલ હતો તેવુ જણાય છે. આથી ઈસ્યુ કરવામાં આવેલ જન્મનું પ્રમાણપત્ર એ કોઈ ખાનગી દસ્તાવેજ નહી પરંતુ પોતાની ફરજનાં ભાગરૂપે અને મળેલ સત્તાનાં આધારે ઈસ્યુ કરવામાં આવેલ સરકારી દસ્તાવેજ છે. It is settled principle of law that entries in public record made by public servent in discharge of official duty are relevant under Section 29 of the Bhartiya Sakshya Adhiniyam. Once such entry is proved through proper custodian and original register is produced before the Court, a presumption of correctness ordinarily attaches to such official record unless strong rebuttal evidence is brought on record.

**(૧૩.૬)** આમ, માત્ર એફ.આઈ.આર.પછી જન્મનો દાખલો ઈસ્યુ થયો હોય માત્ર તેટલા કારણસર દાખલો ખોટો છે તેવુ કહી શકાય નહી. આ માટે જન્મનો દાખલો કયારે ઈસ્યુ થયો છે તે હકીકત નહી પરંતુ આ દાખલો સક્ષમ અધિકારી દ્વારા જરૂરી પ્રક્રિયા અનુસરીને નીતી નિયમો મુજબ ઈસ્યુ થયેલ છે કે કેમ તે હકીકત મહત્વની ગણાય. હાલનાં કેસમાં તહસીલદારે કરેલ હુકમ ખોટો હતો, મુળ રજીસ્ટરમાં આ નોંધ પાછળથી ખોટી રીતે ઉભી કરવામાં આવેલી કે જાહેર દસ્તાવેજમાં ચેડા થયેલા તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી. ભોગ બનનાર(એન) નાં પિતાએ પોતે અભણ હોવાનું પુરાવામાં જણાવેલ છે અને પોતાની પુત્રીની જન્મ તારીખ જાણતા નથી તેવુ જણાવેલ છે તેમજ તેમણે એફ.આઈ.આર.માં ભોગ બનનાર(એન) ની ઉંમર આશરે જણાવેલ છે. ભોગ બનનાર(એન) પોતે પણ અભણ છે અને પોતાની જન્મ તારીખ જાણતા નથી તેવુ પોતાના પુરાવામાં જણાવેલ છે. આમ, ફરીયાદી અને ભોગ બનનાર (એન) દ્વારા ફરીયાદ અને કોર્ટ રૂબરૂનાં બી.એન.એસ.એસ.કલમ-૧૮૩ ના નિવેદનમાં વિગેરે જગ્યાએ પોતાની ઉંમર આશરે જણાવેલ છે માત્ર તે કારણે આ કામે રજુ થયેલ પુરાવાને ઉવેખી શકાય નહી. ફરીયાદી અભણ છે અને તેઓ ભોગ બનનાર(એન)ના પિતા થાય છે અને ભોગ બનનાર (આર) તેમના સાળાની દીકરી થાય છે અને તેઓને બંને ભોગ બનનારની જન્મ તારીખની ખબર ન હોય તેમણે ફરીયાદમાં બંને ભોગ બનનારની જન્મ તારીખ આશરે લખાવેલી છે. તપાસ દરમ્યાન બંને ભોગ બનનારની જન્મ તારીખ વિષે ખાત્રી થયેલ છે આથી ફરીયાદીએ ભોગ બનનારની આશરે જણાવેલી જન્મ તારીખ અને તપાસ દરમ્યાન બહાર આવેલ જન્મ

તારીખમાં વિસંગતતા હોય તે બાબત સ્વાભાવિક ગણાય. બંને ભોગ બનનારની ભોગ બનનાર(એન) ની ઉંમર અંગે જયારે કાયદા માન્ય પુરાવો રજુ થયો હોય ત્યારે મૌખિક પુરાવામાં રહેલી વિસંગતતાની બાબત તેમજ બંને ભોગ બનનારનાં માતાનો પુરાવો રજુ થયેલ નથી તે બાબત પણ મહત્વની ગણાય નહી.

**(૧૩.૭)** ઉંમર નિર્ધારીત કરવા માટે કાયદાનાં પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ જન્મ તારીખ સબંધીત પ્રાથમિક અને વિશ્વસનીય દસ્તાવેજી પુરાવાને પ્રથમ પ્રાધાન્ય આપવાનું રહે છે. આ કામે સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ અને સ્કુલ રેકર્ડ બાબતે ભોગ બનનાર (આર) સંદર્ભે રજુ થયેલ પુરાવો નિયમિત સરકારી/શૈક્ષણીક રેકર્ડનાં ભાગરૂપે તૈયાર થયેલ છે અને યોગ્ય કસ્ટડીમાંથી રજુ થયેલ છે. તેની સચ્ચાઈ અને ખરાઈ બાબતે શંકા ઉભી થાય તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.સ્કુલ રેકર્ડ તથા શાળાનાં જનરલ રજીસ્ટરની નોંધ ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૨૯ મુજબનો પબ્લીક રેકર્ડ ગણાય તેને ફરજ બજાવતા સક્ષમ કર્મચારી દ્વારા નીતી નિયમો મુજબ નિભાવવામાં આવતો હોય છે અને ફરીયાદ પક્ષ દ્વારા શાળાના જવાબદાર કર્મચારીને આ માટે તપાસવામાં આવેલ છે. આવી નોંધ બનાવનાં ઘણા વર્ષો પહેલા થયેલ છે.

**(૧૩.૮)** The Hon'ble Supreme Court in Mahadeo v. State of Maharashtra observed that school record and school leaving Certificate constitute a valid and admissible basis for determination of age and such evidence ordinarily deserves acceptance unless serious material is bought on record to doubt its genuineness.

**(૧૩.૯)** Similarly, in Jarnail Singh V. State of Haryana, the Hon'ble Supreme Court held that matriculation or school certificate should be given primacy in determination of age and medical opinion is restored to only when such documentary evidence is unavailable or doubtful.

**(૧૩.૧૦)** આમ,જન્મનો દાખલો સ્ટેચ્યુટરી રજીસ્ટરમાં થયેલ એન્ટ્રી પરથી કોમ્પીટન્ટ ઓથોરીટી દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ હોય તો તે વય નકકી કરવા માટેનો મજબુત અને વિશ્વસનીય પુરાવો ગણાય. આથી જયારે prosecution દ્વારા (1) School Leaving Certificate તથા admission record યોગ્ય witness મારફતે સાબિત કરવામાં આવ્યા હોય, અને અથવા (2) Gram Panchayat birth register તથા birth certificate competent

custodian દ્વારા સાબિત કરવામાં આવ્યા હોય, અને આવા પુરાવાની સચ્ચાઈ સામે કોઈ material contradiction અથવા Suspicious circumstance જણાતા ન હોય ત્યારે કોર્ટ આવા દસ્તાવેજોને reliable and substantive evidence તરીકે સ્વીકારી ભોગ બનનારની ઉંમર નિર્ધારિત કરી શકાય. આ બાબતે વિ.એ.પી.પી.શ્રી તરફે રજુ થયેલ ફરીદખાન વિ.સ્ટેટ ઓફ મધ્યપ્રદેશનાં ચુકાદાનો સિધ્ધાંત પ્રસ્તુત જણાય છે.

**(૧૩.૧૧)** આમ, ઉપરોકત તમામ પુરાવો જોતા બંને ભોગ બનનારની ઉંમર બાબતે કાયદામાન્ય અને સંતોષકારક પુરાવો રજૂ થયેલ છે. આથી આરોપીઓ તરફે આધાર રાખવામાં આવેલ (૪) ૨૦૧૭ (૩) ક્રિમી.લો.રીપોર્ટર પાના નં.૯૩૫ ગુજરાત હાઈકોર્ટ, વાઘરી ટીનાભાઈ બુધાભાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાત (૭) ૨૦૨૩ લાઈવ લો (એસસી) ૫૩૮ પી યુવા પ્રકાશ વિ. સ્ટેટ રીપ્રી.બાય ઈન્સ્પેકટર ઓફ પોલીસ (સુપ્રિમ કોર્ટ) (૮) સ્ટેટ ઓફ ગુજરાત વિ.લાલજી છગનજી ઠાકુર,ક્રિમી.અપી.નં.૯૦૨/૨૦૨૬ ગુજરાત હાઈકોર્ટ તા.૨૧/૯/૨૩ (૧૨) ક્રિમી.અપી.નં.૪૨૫/૧૮ ગુજરાત હાઈકોર્ટ સંજયજી ઉર્ફે ચકાજી સોવાનજી ઠાકરો વિ.સ્ટેટ ઓફ ગુજરાતનાં ચુકાદાઓનાં સિધ્ધાંત આ કામે પ્રસ્તુત જણાતા નથી. જે સંજોગોમાં ફરિયાદ પક્ષ બનાવનાં અરસામાં બંને ભોગ બનનાર સગીર હતી તે રેકર્ડ ઉપર લાવવામાં સફળ રહેલ છે. આમ, આ કામે બનાવ તા.૧૩/૦૧/૨૦૨૫ નાંરોજ બનેલ છે આથી ભોગ બનનાર (આર) ની જન્મ તારીખ.૦૧/૦૧/૨૦૧૦ ની હોવાનું પુરવાર થતુ હોય બનાવ સમયે તેમની ઉંમર ૧૫ વર્ષ અને ૧૨ દિવસની હતી તેમજ ભોગ બનનાર(એન)ની જન્મ તા.૦૫/૬/૨૦૦૮ ની હોવાનું પુરવાર થતુ હોય તેની બનાવ સમયે ઉંમર ૧૬ વર્ષ ૦૭ મહીના અને ૦૮ દિવસની હોવાનું પુરવાર થાય છે. આમ, પોકસો એકટની જોગવાઈ મુજબ બનાવ સમયે બંને ભોગ બનનાર સગીર વયની હતી તે હકીકત ફરિયાદ પક્ષ પુરવાર કરવામાં સફળ રહેલ હોઈ,મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં.૨</u>:–**

**(૧૪)** આ કામનાં આરોપીઓ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ–૧૩૭(૨), ૮૭ મુજબનાં ગુન્હાનું પણ તહોમત છે. આ અંગે રજુ થયેલ પુરાવો જોતા–

**(૧૪.૧)** ફરીયાદ પક્ષે સાહેદ નં.૧ તરીકે ડો.મીત્તલબેન રમેશભાઈ પટેલનો પુરાવો નોંધાયેલ છે તે જોતાં, ભોગ બનનાર (એન) ની મેડી.તપાસ તેમણે કરેલી તે દરમ્યાન ભોગ બનનાર દ્વારા તેઓને જણાવવામાં આવેલ હિસ્ટ્રી મુજબ તેઓ અને આરોપી ભોલા શેરડીના કોલા ઉપર સાથે કામ કરતા હતા અને દરમ્યાન તેઓ વચ્ચે પ્રેમ સબંધ થયેલો અને તેઓને અન્ય આરોપી માંગેનાં કાકા પ્રથમ વલસાડ રેલ્વે સ્ટેશન અને ત્યારબાદ ત્યાંથી મુંબઈ અને પછી ત્યાંથી હરીયાણા વિગેરે જગ્યાએ લઈ ગયેલ ત્યાંથી તેને યુ.પી.લઈ ગયેલ અને તે આરોપી ભોલાને ઘરે રાત્રે રોકાયેલ ત્યારબાદ તેઓ તા.૧૯/૦૧/૨૦૨૫ થી તા.૨૪/૦૧/૨૦૨૫ સુધી ખેતરમાં રોકાયેલા. ત્યારબાદ તેઓના આરોપી ભોલા સાથે લગ્ન થયેલા અને પછી તે આરોપી ભોલા સાથે ભાગી ગયેલ અને પોલીસનાં ડરથી તેઓ બંને નેપાળી ભૈયાના ઘરે ગયેલા ત્યાર બાદ ગુજરાત પોલીસ આવતા તેઓ આવી ગયેલા.

**(૧૪.૨)** તેજ રીતે સદર સાહેદનો પુરાવો જોતા તેમણે ભોગબનનાર (આર)ની પણ સારવાર કરેલી અને ભોગ બનનાર(આર)નાઓએ તેમને જણાવેલ હિસ્ટ્રી મુજબ તેઓ કોલુમાં કામ કરતા હતા આરોપી માંગેની સાથે પ્રેમ સબંધ થયેલો. તેમને બાદમાં આરોપી માંગેના કાકા કોલુમાં આવેલા અને ત્યાંથી ખેરગામ દશેરા ટેકરી પર છોડી ગયેલા ત્યાંથી તેને વલસાડ રેલ્વે સ્ટેશન અને ત્યાંથી મુંબઈ અને પછી હરીયાણા લઈ ગયેલા પછી તેઓ યુ.પી.ગયેલા. ત્યાં તેઓ ખેતરમાં રોકાયેલા પછી ગુજરાત પોલીસ આવતા તેઓ ગુજરાત આવેલા.

**(૧૪.૩)** ફરીયાદ પક્ષે સાહેદ નં.ર થી ડો.મેહુલ ગીરીશકુમાર બરૂવાલાનો પુરાવો જોતાં તેઓએ ભોગ બનનાર(એન)ની ગાયનેક તપાસ કરેલી અને ભોગ બનનારે સારવાર દરમ્યાન તેમને જણાવેલ હિસ્ટ્રી જોતા ભોગ બનનારે ડો.સાહેદ મીત્તલબેન રમેશભાઈ પટેલને જણાવ્યા મુજબની હિસ્ટ્રીની વિગતો તેઓને પણ જણાવ્યાનું ફલિત થાય છે.

**(૧૪.૪)** ફરીયાદ પક્ષે સાહેદ નં.૩ થી ડો.કેતન બટુકભાઈ પટેલનો પુરાવો જોતાં તેમણે આરોપી ભોલા કાલુની મેડીકલ તપાસણી કરેલી અને સારવાર દરમ્યાન આરોપી ભોલાએ તેમને જણાવેલ હિસ્ટ્રી મુજબ તેઓ ભોગ બનનાર(એન) સાથે શેરડીના કોલામાં કામ કરતા હતા ત્યારે પરીચયમાં આવેલા અને તેમણે પોતાના કાકાની મદદથી ખેરગામ અને ત્યાંથી મુંબઈ મોકલેલા ત્યાંથી તેમના કાકાના દીકરાની મદદ મેળવી યુ.પી.મોકલેલા અને ત્યાં તેઓ

સાથે રોકાયેલા પછી ગુજરાત પોલીસ તેમને શોધવા આવતા તેઓ બંનેને ગુજરાત પોલીસ લઈ આવેલી.

**(૧૪.૫)** તેજ રીતે સદર સાહેદે પોતાના પુરાવામાં જણાવેલ છે કે તેમણે આ કામનાં આરોપી માંગે ચંદ્રપાલની પણ મેડીકલ તપાસણી કરેલી અને આરોપીએ તેમને સારવાર દરમ્યાન જણાવેલ હીસ્ટ્રી મુજબ તેઓ ભોગ બનનાર(આર)ને શેરડીના કોલામાં કામ કરતા સમય દરમ્યાન ઓળખતા હતા. આરોપી માંગે તેને પોતાના ઘરે લઈ જવા માંગતા હતા આથી પોતાના કાકાની મદદ મેળવી ખેરગામથી મુંબઈ પહોંચાડેલા અને બાદમાં તેમના કાકાના દીકરાની મદદથી તેને ગુંદલાવ સુધી અને ત્યાંથી મુંબઈ સુધી પહોંચાડેલા અને પછી યુ.પી.માં તેમના સબંધીને ત્યાં પહોંચાડેલા અને પછી તેને આરોપીને ઘરે લઈ ગયેલા અને ત્યાં તેઓ આરોપી સાથે તા.૨૧/૦૧/૨૦૨૫ થી તા.૨૬/૦૧/૨૦૨૫ સુધી રહેલા પછી ગુજરાત પોલીસ પકડવા આવતા તેઓ ગુજરાત આવેલા.

**(૧૪.૬)** ફરીયાદ પક્ષે સાહેદ નં.૪ થી ડો.નેહા ડાહ્યાભાઈ પટેલનો પુરાવો જોતા તેઓ ગાયનેકોલોજીસ્ટ તરીકે તેમની ફરજ પર હાજર હતા ત્યારે ભોગબનનાર (આર)ને ગાયનેક ઓપિનીયન માટે રિફર કરેલા ત્યારે ભોગ બનનાર(આર)નાએ જણાવેલ હિસ્ટ્રી મુજબ તેઓ ખેરગામ ખાતે ગોળ બનાવાની મજુરી કામ કરતા હતા ત્યારે આરોપી માંગે પણ ત્યાં કામ કરતો હતો તેથી તેઓ એકબીજાના પરીચયમાં આવેલા. ત્યારબાદ તેમને લગ્નની લાલચ આપી આરોપી તેના દુરના કાકા અને રાકેશની મદદથી તેમને વલસાડ પછી મુંબઈ અને ત્યાંથી યુ.પી. લઈ ગયેલો અને ત્યાં તેઓ ૩ દિવસ રોકાયેલા. ત્યાર બાદ પોલીસ તેમને યુ.પી.થી ખેરગામ લઈ આવેલી.

**(૧૪.૭)** ફરીયાદ પક્ષે સાહેદ નં.૦૯ થી ફરીયાદી રાકેશભાઈ ભગવાનભાઈ અલાવાનો પુરાવો નોંધાયેલ છે તે જોતા બંને ભોગ બનનાર બજાર ગયેલ અને ઘણો સમય થવા છતા તેઓ પરત ન આવતા તેમણે શોધખોળ કરેલી અને પોલીસમાં ફરીયાદ આપેલી. આંક–૫૮ ની ફરીયાદ જોતા તેઓએ અજાણ્યા ઈસમ વિરૂધ્ધ બંને ભોગ બનનારને ભગાડી લઈ ગયેલાની ફરીયાદ આપેલાનું જણાય છે.

**(૧૪.૮)** ફરીયાદ પક્ષે સાહેદ નં.૧૦ થી ભોગ બનનાર(એન)નો પુરાવો નોંધાયેલ છે તે

જોતા તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, તેણી ભોલા સાથે યુ.પી.મુકામે ભાગી ગયેલી અને ત્યાં રોકાયેલી અને તેઓ લગ્ન કરીને રહેલા. ત્યાર બાદ ગુજરાત પોલીસ તેઓને લેવા આવતા ગુજરાત આવી ગયેલા. તેણી ભાગી ગયેલી ત્યારે તેણીની સાથે ભોગ બનનાર(આર) પણ હતી અને તે માંગેભાઈ સાથે ભાગી ગયેલી. તેઓ ભાગી ગયેલા ત્યારે ગુજરાત ખાતે ચીખલીથી આગળ આવેલ ખેરગામ ખાતે રહેતા હતા.

**(૧૪.૯)** આરોપીઓ તરફે થયેલ ઉલટ તપાસમાં તેઓ સ્વીકારે છે કે, તેઓ યુ.પી.ટ્રેનમાં ગયેલા. ટ્રેનમાં બીજા પેસેન્જરો પણ હતા.ટ્રેનમાં કોઈપણ મુસાફરને તેણીએ તેને જબરજસ્તી લઈ જતા હોય તેવી કોઈ હકીકત જણાવેલ નથી.તેણી તેની મરજીથી મુંબઈ મુકામે ગયેલી અને ત્યારબાદ મુંબઈથી યુ.પી. ગયેલી. તેઓ રસ્તામાં જમવા માટે પણ રોકાયેલા. તેણીને રસ્તામાં વોશરૂમ જવાનો પ્રસંગ બને ત્યારે તે અને બીજા ભોગ બનનાર બંને સાથે વોશરૂમ પણ જતા હતા.

**(૧૪.૧૦)** ફરીયાદ પક્ષે સાહેદ નં.૧૧ થી ભોગ બનનાર(આર)નો પુરાવો જોતા તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, તેણીની બહેન ભોગબનનાર (એન) એ કોલુ ઉપર માંગે સાથે વાત કરાવેલી.ત્યાર પછી માંગે અને તેના ગામ યુ.પી.મુકામે લઈ ગયેલ અને ત્યાં તેના ગામ તેણીને રાખેલી. ત્યારબાદ ગુજરાત પોલીસ તેઓને લેવા આવતા ગુજરાત આવી ગયેલ. તેણી ભાગી ગયેલી ત્યારે તેણીની સાથે ભોગ બનનાર(એન) પણ હતી અને તે ભોલા સાથે ભાગી ગયેલી.

**(૧૪.૧૧)** આરોપીઓ તરફે થયેલ ઉલટ તપાસમાં તેઓ સ્વીકારે છે કે, તેઓ યુ.પી.ટ્રેનમાં ગયેલા. ટ્રેનમાં બીજા પેસેન્જરો પણ હતા. ટ્રેનમાં કોઈપણ મુસાફરને તેણીએ તેને જબરજસ્તી લઈ જતા હોય તેવી કોઈ હકીકત જણાવેલ નથી.તેણી તેની મરજીથી મુંબઈ મુકામે ગયેલી અને ત્યારબાદ મુંબઈથી યુ.પી. ગયેલી. તેઓ રસ્તામાં જમવા માટે પણ રોકાયેલા. તેણીને રસ્તામાં વોશરૂમ જવાનો પ્રસંગ બને ત્યારે તે અને બીજા ભોગ બનનાર બંને સાથે વોશરૂમ પણ જતા હતા.

**(૧૪.૧૨)** ફરીયાદ પક્ષે સાહેદ નં.૧૩ થી મેશોકભાઈ ભીમસીંગભાઈ ગામીતનો પુરાવો નોંધાયેલ છે તે જોતા તેઓએ ફરીયાદીનાં લખાવ્યા મુજબની ફરીયાદ લખી લીધેલી. સદર

ફરીયાદ અજાણ્યા ઈસમો વિરૂધ્ધ આપવામાં આવેલી. આ ફરીયાદ તેમના કાયદેસરનાં વાલી પણામાંથી બંને ભોગ બનનારનાં અપહરણ બાબતની હતી.

**(૧૪.૧૩)** ફરીયાદ પક્ષે સાહેદ નં.૧૪ થી મોમદ ઈરફાન લચાકતઅલી સૈયદનો પુરાવો જોતા તેઓએ આ કામની ફરીયાદ નોંધાચા બાદ બંને ભોગ બનનાર મળી આવતા તેમણે ફરીયાદી તેમજ બંને ભોગ બનનારનાં નિવેદનો લીધેલા તે મુજબ ભોગબનનાર (આર) તેમજ ભોગ બનનાર(એન) નાઓએ પોતાનાં નીવેદનમાં જણાવેલ કે, તેઓને આરોપી ભોલા તેમજ માંગે સાથે પ્રેમ સબંધ હોય તેઓએ તેમને સૌ પ્રથમ બજારમાં બોલાવેલા ત્યારબાદ વલસાડ રેલ્વે સ્ટેશનથી મુંબઈ મોકલેલા ત્યારબાદ તેઓ આરોપીનાં વતન ગચેલા ત્યાં લગ્ન કરી રહેલા.

**(૧૪.૧૪)** આરોપીઓ તરફે થયેલ ઉલટ તપાસમાં તેઓ સ્વીકારે છે કે, બંને ભોગ બનનાર વલસાડ રેલ્વે સ્ટેશનથી વાચા મુંબઈ થઈ બાગપત એકલા જ ગયેલા.

**(૧૪.૧૫)** આમ, ઉપરોકત તમામ બાબતો લક્ષમાં લેતાં એવુ ફલિત થાય છે કે, આ કામે સૌ પ્રથમ ફરીયાદ ભોગ બનનાર(એન)ના પિતાએ તેઓના કાયદેસરનાં વાલીપણામાંથી બંને ભોગ બનનારને અજાણ્યા ઈસમ લઈ ગયેલા તે બાબતે આપવામાં આવેલી. ત્યારબાદ તપાસ દરમ્યાન બંને ભોગ બનનાર આ કામનાં બંને આરોપીઓ સાથે યુ.પી.ખાતેથી મળી આવેલ. બંને ભોગ બનનારનાં નિવેદન દરમ્યાન તેમજ બંને ભોગ બનનારાઓએ કોર્ટ રૂબરૂ આપેલ મૌખિક પુરાવા દરમ્યાન એવુ બહાર આવેલ છે કે, આરોપીઓ દ્વારા આ માટે કોઈ લોભ લાલચ કે બળજબરી આચરવામાં આવેલ નહી. કાયદાનાં પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ અપહરણનો ગુનો પુરવાર કરવા માટે સગીર વયની ભોગ બનનાર આરોપી સાથે મળી આવી હોય તેટલુ પુરતુ ગણાય નહી. આ માટે ફરીયાદપક્ષે એવુ સાબિત કરવુ પડે કે આરોપી ભોગ બનનારને તેના કાયદેસરનાં વાલીપણામાંથી લલચાવીને ભગાડી ગયેલ હતો. આ કામે અગાઉ ચર્ચા કર્યા મુજબનો બંને ભોગ બનનારનો પુરાવો જોતાં આરોપીઓએ તેમની ઈચ્છા વિરૂધ્ધ બળજબરી પુર્વક ભગાડીને લઈ ગયા હોય તેવુ સ્પષ્ટ થતું નથી. બંને ભોગ બનનાર દ્વારા આરોપીઓ તરફે થયેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે. કે, તેઓ જાહેર સ્થળ પર ફર્યા તે દરમ્યાન તેમણે કદી કોઈની મદદ માંગેલ નથી કે પોતે બચવા પ્રયત્ન કરેલ નથી. બંને ભોગ બનનારે જાહેર સ્થળે લાંબી મુસાફરી કરેલ છે પરંતુ આરોપીઓએ જબરજસ્તી કર્યાની કોઈ

હકીકત કોઈને જણાવેલ નથી. આમ,બંને ભોગ બનનારને આરોપીઓ તેમના કાયદેસરનાં વાલીપણામાંથી અપહરણ કરી ઉત્તરપ્રદેશ રાજયમાં લઈ ગયેલ હોય તે દર્શાવતો કોઈ પુરાવો નથી. વધુમાં આરોપીઓ તરફે આધાર રાખવામાં આવેલ **એસ વરદરાજન વિરૂધ્ધ સ્ટેટ ઓફ મદ્રાસ એઆઈઆર ૧૯૬૫ એસસી ૯૪૨** નાં ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત મુજબ ભોગ બનનારને લઈ જવુ અને ભોગ બનનારનું સાથે આવવુ તે બંને અલગ બાબત કહેવાય. આ કામે રજુ થયેલ પુરાવો જોતાં આરોપીઓ બંને ભોગ બનનારને ફરીયાદીનાં કાયદેસરનાં વાલીપણામાંથી લલચાવી, ફોસલાવી ભગાડી લઈ ગયેલ હોય તેવુ જણાતુ નથી. બંને ભોગ બનનાર પોતાની મરજીથી સ્વેચ્છાએ પોતાનાં ઘરેથી જતા રહેલા છે. આ સંજોગોમાં ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો સાથે આરોપીઓ તરફે આધાર રાખવામાં આવેલ (૯) ૧૯૯૫ ક્રિમી.લો જનરલ ૩૯૭૪, શ્યામ વિ.સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર, સુપ્રિમ કોર્ટ (૧૧) ૨૦૧૬ ક્રિમી.લો.રીપોર્ટર, પાના નં.૩૨, સતપ્રકાશ વિ. સ્ટેટ ઓફ હરીયાણા, સુપ્રિમ કોર્ટનાં ચુકાદાઓનાં સિધ્ધાંત સાથે આ કેસની હકીકતો જોતા બંને ભોગ બનનાર પોતાની મરજીથી સ્વેચ્છાએ ઘર છોડી નીકળી ગયેલ હોય આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ–૧૩૭(૨), ૮૭ મુજબનાં ગુનાનાં આવશ્યક તત્વો ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી આથી મુદ્દા નં.૨ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

<u>મુદ્દા નં.૩</u>:–

**(૧૫)** આ કામનાં આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ–૬૪(૨) (આઈ)(એમ), ૬૫(૧) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૩(એ), ૪, ૫(એલ), ૬, ૧૨ મુજબનાં ગુનાનું તહોમત છે. આ અંગે રજુ થયેલો પુરાવો જોતાં–

**(૧૬)** આ કામે ભોગબનનાર(એન) ને આંક–૫૯ થી સાહેદ નં .૧૦ તરીકે ફરિયાદ પક્ષે તપાસેલ છે, તેઓએ પુરાવામાં જણાવેલ છે કે,બનાવ આશરે છ–સાત મહીના પહેલા બનેલો. તેણી ભોલા સાથે યુ.પી.મુકામે ભાગી ગયેલી અને ત્યાં રોકાયેલી. પછી તેઓએ કોર્ટમાં લગ્ન કરી લીધેલા, મંદિરમાં પણ લગ્ન કરેલા. લગ્ન બાદ તેઓએ શારીરીક સબંધ

બનાવેલા. ત્યારબાદ ગુજરાત પોલીસ તેઓને લેવા આવતા ગુજરાત આવી ગયેલા. તેણી ભાગી ગયેલી ત્યારે તેણીની સાથે ભોગબનનાર(આર) પણ હતી અને તે માંગેભાઈ સાથે ભાગી ગયેલી. તેઓ ભાગી ગયેલા ત્યારે ગુજરાત ખાતે ચીખલીથી આગળ આવેલ ખેરગામ ખાતે રહેતા હતા. તેણી ખેરગામ ખાતે રહેતી હતી ત્યારે પણ આ ભોલા સાથે શારીરીક સબંધ બનાવેલો. પોલીસે તેણીની પુછપરછ કરેલ અને તેણીએ તેણે પહેરેલ કપડા પોલીસને આપેલા અને ત્યારબાદ પોલીસ તેણીને દવાખાને મેડીકલ તપાસ કરાવવા માટે લઈ ગયેલ અને ત્યાર બાદ પોલીસ તેણીને કોર્ટમાં જજ સાહેબ પાસે પણ લઈ ગયેલ અને ત્યાં જજ સાહેબે તેણીની પુછપરછ કરેલી.

**(૧૬.૧)** ભોગ બનનારનું બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન આંક–૬૦ થી રજુ છે. જેમા તેઓ પોતાની સહી ઓળખી બતાવે છે. તેમજ સાહેદ કોર્ટ રૂમમા બેઠેલ આરોપીઓને ઓળખી બતાવે છે. તેમજ તપાસ દરમ્યાન તેણે પોલીસને આપેલ કપડા પણ ઓળખી બતાવે છે.

**(૧૬.૨)** સદર સાહેદની આરોપી પક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલી છે તે જોતા તે જણાવે છે કે, ડોકટર સાહેબ સમક્ષ તેણીને લઈ ગયેલા ત્યારે પોલીસવાળા બેન તેની સાથે આવેલા. તેણીએ ડોકટર સાહેબને બનાવની કોઈ હકીકત જણાવેલ નથી પરંતુ તેની સાથે આવેલ પોલીસવાળા બેને બનાવની તમામ હકીકત ડોકટરને જણાવેલી. ૧૮ વર્ષની ઉંમર પછી જ કોર્ટમાં કે મંદિરમાં જઈ લગ્ન થઈ શકે.

**(૧૬.૩)** આમ, ભોગ બનનાર(એન)નો પુરાવો જોતાં તેણે આરોપી સાથે લગ્ન કરેલ અને તે આરોપી સાથે રોકાયેલ અને તેણે આરોપી સાથે શરીર સબંધ બાંધેલ તે બાબતે તેમણે સ્પષ્ટ હકીકતો જણાવેલ છે અને તેમના પુરાવા દરમ્યાન પુરાવાની વિશ્ર્વસનીયતા વિષે શંકા ઉભી થાય તેવી કોઈ હકીકત બહાર આવેલ નથી. જયારે ભોગ બનનારનો પુરાવો વિશ્ર્વસનીય હોય ત્યારે તેવા પુરાવાને અન્ય પુરાવાનું સમર્થન મળે તે આવશ્યક ગણાય નહી. તેમજ ભોગ બનનાર(એન)નું બી.એન.એસ.એસ.કલમ–૧૮૩ મુજબનું આંક–૬૦ થી રજુ મેજીસ્ટ્રેટ શ્રી રૂબરૂનું નિવેદન જોતા તેનાથી પણ ભોગ બનનાર(એન)નાએ કોર્ટ રૂબરૂ આપેલ પુરાવાની વિગતોને સમર્થન મળે છે. ભોગ બનનાર(એન)નો પુરાવો જોતાં તેમણે ભોગ બનનાર(આર)

તેમજ આરોપી–માંગે સાથેના શરીર સબંધોની ફરીયાદપક્ષનાં કેસને સમર્થન કરતી હકીકતો જણાવેલી છે.

**(૧૭)** આ કામે ભોગ બનનાર(આર)ને આંક–૬૧ થી સાહેદ નં .૧૧ તરીકે ફરિયાદ પક્ષે તપાસેલ છે, તેઓએ પુરાવામાં જણાવેલ છે કે,બનાવ આશરે પાંચ–છ મહીના પહેલા બનેલો. તેણીની બહેન ભોગબનનાર(એન) એ કોલુ ઉપર માંગે સાથે વાત કરાવેલી અને આ માંગેએ કોલુ ઉપર તેણી સાથે શારીરીક સબંધ બાંધેલો. ત્યાર પછી માંગે અને તેના ગામ યુ.પી.મુકામે લઈ ગયેલ અને ત્યાં તેના ગામ તેણીને રાખેલી અને માંગે સાથે તેણીના લગ્ન કરાવેલા અને સબંધ બાંધેલા. તેણીના લગ્ન કોર્ટમાં કરાવેલા. તેણી ભાગી ગયેલી ત્યારે તેણીની સાથે ભોગ બનનાર(એન) પણ હતી અને તે ભોલા સાથે ભાગી ગયેલી. પોલીસે તેણીની પુછપરછ કરેલ અને તેણીએ તેણે પહેરેલ કપડા પોલીસને આપેલા અને ત્યારબાદ પોલીસ તેણીને દવાખાને મેડીકલ તપાસ કરાવવા માટે લઈ ગયેલ અને ત્યાર બાદ પોલીસ તેણીને કોર્ટમાં જજ સાહેબ પાસે પણ લઈ ગયેલ અને ત્યાં જજ સાહેબે તેણીની પુછપરછ કરેલી.

**(૧૭.૧)** આ કામે ભોગ બનનાર(આર)નું બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન આંક–૬૨ થી રજુ છે જેમાં તેઓ પોતાનાં અંગુઠાનું નિશાન ઓળખી બતાવે છે અને કોર્ટ રૂમમા બેઠેલ આરોપીઓને ઓળખી બતાવે છે. તેણીએ બનાવ સમયે પહેરેલ કપડા પોલીસને તપાસ અર્થે આપેલા જેને ઓળખી બતાવેલ છે.

**(૧૭.૨)** સદર સાહેદની આરોપી પક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલી જેમાં તેઓ જણાવે છે કે, ડોકટર સાહેબ સમક્ષ તેણીને લઈ ગયેલા ત્યારે પોલીસવાળા બેન તેની સાથે આવેલા. તેણીએ ડોકટર સાહેબને તેણીએ બનાવની કોઈ હકીકત જણાવેલ નથી પરંતુ તેણી સાથે આવેલ પોલીસવાળા બેને બનાવની તમામ હકીકત ડોકટરને જણાવેલી.૧૮ વર્ષની ઉંમર પછી જ કોર્ટમાં કે મંદિરમાં જઈ લગ્ન થઈ શકે.

**(૧૭.૩)** આમ ભોગ બનનાર(આર)નો પુરાવો જોતાં આરોપી માંગે સાથેના શરીર સબંધ બાબતે તેમનો પુરાવો વિશ્વસનીય જણાય છે. જયારે ભોગ બનનારનો પુરાવો વિશ્વસનીય હોય ત્યારે તેવા પુરાવાને અન્ય પુરાવાથી સમર્થન મળે તે આવશ્યક ગણાય નહી. તેમજ

તેઓએ મેજીસ્ટ્રેટ રૂબરૂ બી.એન.એસ.એસ.કલમ–૧૮૩ નાં નિવેદનમાં જણાવેલ હકીકતોથી પણ સમર્થન મળે છે.ભોગ બનનાર(આર)નો પુરાવો જોતાં તેમણે ભોગ બનનાર(એન) તેમજ આરોપી– ભોલા સાથેનાં શરીર સબંધોની ફરીયાદપક્ષનાં કેસને સમર્થન કરતી હકીકતો જણાવેલી છે.

**(૧૮)** સાહેદ નં.૧ થી ડો.મિત્તલબેન રાજેશભાઈ પટેલનો નોંધાયેલ પુરાવો જોતાં સારવાર દરમ્યાન ભોગ બનનાર(એન)નાઓએ આપેલ હિસ્ટ્રી જોતા તે આરોપી– ભોલા સાથે પ્રેમ સબંધમાં હતા અને આરોપી–ભોલા સાથે ખેરગામ મુકામે શેરડીનાં ખેતરમાં શરીર સબંધ બાંધેલ અને ત્યારબાદ આરોપી–ભોલા સાથે યુ.પી.મુકામે ગયેલ ત્યાં પણ તેમણે તેણીની મરજીથી આરોપી–ભોલા સાથે શરીર સબંધ બાંધેલ.

**(૧૮.૧)** સદર સાહેદનાં પુરાવા મુજબ ભોગ બનનાર(એન) નાં શરીરે કોઈ ઈજાનાં નિશાનો જણાયેલ નહીં. તેઓએ સદર ભોગબનનાર(એન)ની તપાસણી કર્યા બાદ એમ.એલ. સી.નં.૫૩/૨૦૨૫ થી પોલીસને આપેલ જે આંક–૧૩ થી રજુ એમ.એલ.સી.માં તેમની સહી ઓળખી બતાવે છે.

**(૧૮.૨)** સદર સાહેદનાં પુરાવા મુજબ ભોગબનનાર (આર)નાઓએ તેમને સારવાર દરમ્યાન આપેલ હિસ્ટ્રી મુજબ તેઓ આરોપી– માંગે સાથે પ્રેમ સબંધમાં હતા અને પોતાની મરજીથી આરોપી–માંગે સાથે ખેરગામ મુકામે શેરડીનાં ખેતરમાં શરીર સબંધ બાંધેલ અને ત્યારબાદ આરોપી–માંગે સાથે યુ.પી.મુકામે ગયેલ ત્યાં પણ તેમણે તેણીની મરજીથી આરોપી –માંગે સાથે શરીર સબંધ બાંધેલ.

**(૧૮.૩)** સદર સાહેદનો પુરાવો જોતા ભોગ બનનાર (આર)ના શરીરે કોઈ ઈજાના નિશાનો જણાયેલ નહીં. સદર સાહેદ વધુમાં જણાવે છે કે, તેઓએ સદર ભોગ બનનાર (આર) ની તપાસણી કર્યા બાદ એમ.એલ.સી.નં.૫૪/૨૦૨૫ થી પોલીસને આપેલ, આંક–૧૭ થી રજુ એમ.એલ.સી.માં તેમની સહી ઓળખી બતાવે છે.

**(૧૮.૪)** સદર સાહેદની આરોપીપક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલી છે તે તપાસતાં તેઓએ કબૂલ રાખેલ છે કે, ભોગ બનનારની મેડિકલ તપાસ દરમ્યાન પોલીસના માણસો હાજર હતા. ભોગ બનનારના શરીરે કોઈ બાહ્ય કે આંતરિક ઈજાના નિશાનો જણાયેલ નહી.

ભોગ બનનારોને તેમની સમક્ષ પોલીસ જાપ્તા સાથે લાવવામાં આવેલ હતા.

**(૧૮.૫)** આમ સાહેદનો પુરાવો જોતાં બંને ભોગબનનારાઓએ સાહેદ સમક્ષ સારવાર દરમ્યાન જણાવેલી હીસ્ટ્રીની વિગતોથી ફરીયાદ પક્ષનાં કેસને સમર્થન મળે છે.

**(૧૯)** આ કામે ભોગ બનનારની વધુ દાકતરી તપાસ કરનાર સાહેદ ડો.મેહુલ ગીરીશકુમાર બરુવાલાને આંક-૧૯ થી સાહેદ નં.૦૨ તરીકે ફરિયાદ પક્ષે તપાસેલ છે, તેઓએ પુરાવામાં જણાવેલ છે કે, તેઓ તા.૩૧/૦૧/૨૦૨૫ ના રોજ સિવિલ હોસ્પીટલ, નવસારી ખાતે તેમની ફરજ પર હાજર હતા દરમ્યાન ભોગબનનાર(એન) ને ગાયનેક ઓપિનીયન માટે રિફર કરેલ તેઓએ તથા ગાયનેક ડો.નેહા પટેલનાઓએ ભોગબનનારની તપાસ તા.૩૧/૦૧ /૨૦૨૫ ના રોજ સાંજનાં ૫-૦૦ વાગ્યે શરુ કરેલ. તેની સંપૂર્ણ તપાસ તેમના દ્વારા તથા ડો. નેહા પટેલ તેમજ ફરજ ઉપરના સ્ટાફ નર્સની હાજરીમાં કરવામાં આવેલી. ભોગ બનનારની સંપૂર્ણ તપાસ દરમચાન તેણી સભાન અવસ્થામાં હતી. સદર સાહેદ વધુમાં જણાવે છે કે, ભોગ બનનાર(એન)નીએ આપેલ હિસ્ટ્રી મુજબ તેઓ આરોપી-ભોલા સાથે પ્રેમ સબંધમાં હતા અને ભોગ બનનાર(એન)નીએ તેમની મરજીથી આરોપી-ભોલા સાથે ખેરગામ મુકામે શેરડીનાં ખેતરમાં શરીર સબંધ બાંધેલ અને ત્યારબાદ આરોપી-ભોલા સાથે યુ.પી.મુકામે ગયેલ ત્યાં પણ તેમણે મરજીથી આરોપી-ભોલા સાથે શરીર સબંધ બાંધેલ.

**(૧૯.૧)** સદર સાહેદ વધુમાં જણાવે છે કે, તેણીને માસિકની હીસ્ટ્રી પુછતા દર મહિને રેગ્યુલર માસિક આવતુ હતુ. તેણીના લગ્ન થયેલ ન હતા તેમજ ભુતકાળમાં સુવાવડ, કસુવાવડ કે એમ.ટી.પી. કરાવેલ ન હતુ. તેણીની તપાસ કરતાં તેણી સભાન હતી, તપાસમાં સાથ સહકાર આપતી હતી. જે કંઈ પુછવામાં આવતુ તેનો જવાબ આપતી હતી. તેણીની તપાસ સારા અજવાળામાં કરવામાં આવેલી તેમજ તેણીની તપાસ કરતાં પૂર્વે તેણીની લેખિતમાં સંમતિ લેવામાં આવેલ, તેનું બ્લડ પ્રેસર, શારીરીક તાપમાન તથા પલ્સ નોર્મલ હતા. તેણીના પેટ ઉપર તપાસ કરતાં નોર્મલ જણાયેલ. સદર સાહેદ વધુમાં જણાવે છે કે, તેણીના સેકન્ડરી કેરેકટર્સની તપાસ કરતાં તેણીની છાતીનો સંપૂર્ણ વિકાસ થયેલ હતો,નીપ્પલ તેમજ એરિયોલા પીગમેન્ટેડ હતુ, જે નોર્મલ જણાયેલ. તેના ઓકઝી.હેર તથા પ્યુબીક હેરની હાજરી જણાયેલ અને તે નોર્મલ હતા. પ્યુબીક હેર ચોંટેલા ન હતા. તેણીના શરીર ઉપર

બાહય ઈજાના કોઈ નિશાન જણાયેલ નહીં. તેણીના ગુપ્ત ભાગની તપાસ કરતાં તે જગ્યાએ કોઈ લાલાશ કે સોજો જણાયેલ નહીં. તેમજ તાજુ કે જુનુ લોહી નીકળતુ ન હતુ. તેણીની વઝાઈના અને વલ્વા નોર્મલ હતી. તેણીને કોઈ લોહી નીકળતુ ન હતુ તેમજ કોઈપણ પ્રકારનું પાણી (ગર્ભ જળ) નીકળતુ ન હતુ. તેના ગર્ભાશયના બંન્ને ઓશ બંધ હતા. સદર સાહેદ વધુમાં જણાવે છે કે, સદરહું દર્દીની તેઓએ ગાયનેકોલોજીસ્ટ મેડીકલ તપાસ પૂર્ણ કરી તેઓને એમ.એલ.સી. નં. ૪૨૦/૨૦૨૫નું આપેલ છે, જે આંક-૨૦ થી રજુ સટી.માંહસ્તાક્ષરો ડો. નેહા પટેલના છે, જેમાં તેમની તથા ડો નેહા પટેલની સહી તથા હોદ્દાનું સિલ તેઓ ઓળખી બતાવે છે.

**(૧૯.૨)** સદર સાહેદની આરોપીપક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલી છે જેમાં તેઓએ જણાવેલ છે કે, ભોગ બનનારને તેમની સમક્ષ લાવવામાં આવેલ ત્યારે ભોગ બનનારના સગા સબંધીઓ તેમની સાથે ન હતા. ભોગ બનનારને તેમની સમક્ષ પોલીસ જાપ્તા સાથે લાવવામાં આવેલ. ભોગ બનનાર હિન્દી ભાષી હતી. સાહેદ જણાવે છે કે, તેણીએ હિસ્ટ્રી ગુજરાતીમાં લખાવેલ. ભોગ બનનારની મેડીકલ તપાસ દરમ્યાન ભોગ બનનારનું યોનીપટલ ઈનટેક જોવા મળેલ. ભોગ બનનારનું યોની પટલ તુટેલુ નથી જેથી તેની સાથે શારીરીક સબંધ બંધાયો હોય તેવુ કહી શકાય નહી.

**(૧૯.૩)** આમ, સાહેદનો પુરાવો જોતાં ભોગ બનનાર(એન) નાઓએ પોતાના મેડીકલ એકઝામીનેશન દરમ્યાન ડોકટર સાહેદ ડો.મિત્તલબેન રાજેશભાઈ પટેલનાઓને બનાવ સબંધે જણાવેલ હિસ્ટ્રીની વિગતને સાહેદનાં પુરાવાથી સમર્થન મળે છે. ભોગ બનનાર(એન)નાઓએ બનાવ સબંધી જણાવેલ હિસ્ટ્રીની વિગતોમાં સુસંગતતા છે.

**(૨૦)** આ કામે ભોગ બનનાર(આર)ની વધુ દાકતરી તપાસ કરનાર સાહેદ ડો.નેહા ડાહ્યાભાઈ પટેલને આંક-૩૧ થી સાહેદ નં.૦૪ તરીકે ફરિયાદ પક્ષે તપાસેલ છે, તેઓએ પુરાવામાં જણાવેલ છે કે, તેઓ તા.૩૧/૦૧/૨૦૨૫ ના રોજ તેઓ સિવિલ હોસ્પીટલ, નવસારી ખાતે ગાયનેકોલોજીસ્ટ તરીકે તેમની ફરજ પર હાજર હતા દરમ્યાન ભોગબનનાર (આર)ને ગાયનેક ઓપિનીયન માટે રિફર કરેલ.તેઓએ તથા ગાયનેક ડો.મેહુલ બરુવાલાનાએ ભોગબનનારની તપાસ તા.૩૧/૧/૨૦૨૫ ના રોજ સાંજનાં ૪:૫૭ વાગ્યે શરુ કરેલ. તેની

સંપૂર્ણ તપાસ તેમના દ્વારા તથા ડો.મેહુલ બરુવાલા તેમજ ફરજ ઉપરના સ્ટાફ નર્સની હાજરીમાં કરવામાં આવેલી. ભોગબનનારની સંપૂર્ણ તપાસ દરમયાન તેણી સભાન અવસ્થામાં હતી. સદર સાહેદ વધુમાં જણાવે છે કે, ત્યાર બાદ સદર ભોગબનનારને બનાવના ઈતિહાસ બાબતે પુછતાં તેઓએ લખાવેલ છે કે,'' ખેરગામ ખાતે ગોળ બનાવવાની મજુરી કામ કરે છે ત્યાં તેના જોડે કામ કરતો માંગે પણ ગોળ બનાવવાના કારખાનામાં મજુરી કરતો હતો. હું તેને છેલ્લા ત્રણ મહીનાથી જાણતી હતી. તે દરમ્યાન પણ તેની જોડે મરજીથી શારીરીક સબંધ રાખેલો. ત્યારબાદ તા. ૧૩/૧/૨૦૨૫ ના રોજ માંગે અને તેની જોડે મજુરી કરતો ભોલો બંને થઈને મામાની દીકરી ભોગબનનાર (એન)ને લગ્નની લાલચ આપીને માંગે તેના દુરના કાકા અને રાકેશની મદદથી અમો બંનેને વલસાડ રેલવે સ્ટેશન પહોંચાડેલ. ત્યાંથી રાકેશ અમો બંનેને ટ્રેન દ્વારા મુંબઈ લઈને ગયો અને ત્યાં તા. ૧૩/૧/૨૦૨૫ ના રાત્રે પહોંચ્યા પછી રાકેશ તેના સસુરાલ યુ.પી. ટ્રેન દ્વારા અમોને લઈ ગયો. ત્યાં અમો ત્રણ દીવસ રહયા. પછી ભોલા અને માંગેના ઘરવાળા લેવા આવ્યા. અમો બંનેને ભોલા અને માંગેના ગામ ખપરાણા, જી. બાગપત, યુ.પી. લઈને ગયા. ત્યાં તા. ૧૫/૧/૨૦૨૫ ના રોજ પહોંચ્યા. ત્યારબાદ ભોલા અને માંગે બંને ગોળ બનાવવાના કારખાનામાંથી કામ છોડીને ઘરે આવી ગયા અને તા. ૨૫/૧/૨૦૨૫ ના રોજ તેના ગામમાં કુલહાર કરીને લગ્ન કરી લીધા અને અમો બંને તેઓના ગામ જંગલ વિસ્તારમાં ૨૭/૧/૨૦૨૫ સુધી રહયા. ત્યાં અમારી મરજીથી શારીરીક સબંધ રાખેલા. તે દરમ્યાન કોઈ ગર્ભનીરોધક સાધન વાપરેલ નહી. ત્યારબાદ ખેરગામ પોલીસને જાણ થતા યુ.પી.થી અમોને ખેરગામ પો.સ્ટે. લઈ આવેલા.''

**(૨૦.૧)** સદર સાહેદ વધુમાં જણાવે છે કે, તેણીને માસિકની હીસ્ટ્રી પુછતા ભોગ બનનારને ખબર ન હતી. તેણીના લગ્ન થયેલ હતા તેમજ ભુતકાળમાં સુવાવડ, કસુવાવડ કે એમ.ટી.પી. કરાવેલ ન હતુ. તેણીની તપાસ કરતાં તેણી સભાન હતી, તપાસમાં સાથ સહકાર આપતી હતી. જે કંઈ પુછવામાં આવતુ તેનો જવાબ આપતી હતી. તેણીની તપાસ સારા અજવાળામાં કરવામાં આવેલી તેમજ તેણીની તપાસ કરતાં પૂર્વે તેણીની લેખિતમાં સંમતિ લેવામાં આવેલ, તેનું બ્લડ પ્રેસર, શારીરીક તાપમાન તથા પલ્સ નોર્મલ હતા. તેણીના પેટ પર તપાસ કરતાં નોર્મલ જણાયેલ. તેણીનાં સેકન્ડરી કેરેકટર્સની તપાસ કરતાં તેણીની છાતીનો

સંપૂર્ણ વિકાસ થયેલ હતો, નીપ્પલ તેમજ એરિયોલા પીગમેન્ટેડ હતુ, જે નોર્મલ જણાયેલ. તેના ઓકઝી.હેર તથા પ્યુબીક હેરની હાજરી જણાયેલ અને તે નોર્મલ હતા. તેણીના શરીર ઉપર બાહ્ય ઈજાના કોઈ નિશાન જણાયેલ નહીં. તેણીના ગુપ્ત ભાગની તપાસ કરતાં તે જગ્યાએ કોઈ લાલાશ કે સોજો જણાયેલ નહીં. તેમજ તાજુ કે જુનુ લોહી નીકળતુ ન હતુ. તેણીની વઝાઈના અને વલ્વા નોર્મલ હતી.સદર સાહેદ વધુમાં જણાવે છે કે,સદરહું દર્દીની તેઓએ ગાયનેકોલોજીસ્ટ મેડીકલ તપાસ પૂર્ણ કરી તેઓને એમ.એલ.સી. નં.૪૨૧/૨૦૨૫ નું આપેલ છે, જે તેમનાં હસ્તાક્ષરમાં છે, જેમાં તેમની તથા ડો મેહુલ બરુવાલાની સહી તથા હોદ્દાનું સિલ છે, જે તેઓ ઓળખે છે જે આ કામે આંક–૩૨ થી રજુ રાખેલ છે.

**(૨૦.૨)** સદર સાહેદની આરોપીપક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલી છે તે તપાસતાં તેઓએ કબૂલ રાખેલ છે કે, ભોગ બનનારને તેમની સમક્ષ લાવવામાં આવેલ ત્યારે ભોગ બનનારના સગા સબંધીઓ તેમની સાથે ન હતા. ભોગ બનનારને તેમની સમક્ષ પોલીસ જાપ્તા સાથે લાવવામાં આવેલ. ભોગ બનનાર હીન્દીભાષી હતી. ભોગ બનનાર સાથે નજીકના સમયમાં સમંતી કે સંમતી વગર શારીરીક સબંધ બંધાયેલા હોય તેવી કોઈ હકીકત ભોગ બનનારની મેડીકલ તપાસણી દરમ્યાન જણાઈ આવેલ નથી.

**(૨૦.૩)** આમ સાહેદનો પુરાવો જોતાં ભોગ બનનાર(આર)નાઓએ સારવાર દરમ્યાન ફરીયાદપક્ષનાં સાહેદ નં.૧ ડો.મિતલબેનને જણાવેલ હીસ્ટ્રીની વિગતોને સાહેદનાં પુરાવાથી સમર્થન મળે છે. ભોગ બનનાર(આર)નાઓએ જણાવેલ હીસ્ટ્રીની વિગતો તેમનાં પુરાવા સાથે સુસંગત છે.

**(૨૧)** આ કામે દાકતરી તપાસ કરનાર સાહેદ ડો.કેતન બટુકભાઈ પટેલને આંક–૨૩ થી સાહેદ નં.૦૩ તરીકે ફરિયાદ પક્ષે તપાસેલ છે, તેઓએ પુરાવામાં જણાવેલ છે કે, તા. ૧૧/૦૨/૨૦૨૫ નાં રોજ તેઓ તેમની ફરજ પર સા.આ.કેન્દ ખેરગામ ખાતે મેડી.ઓફિસર તરીકે હાજર હતા તે દરમ્યાન આરોપી–ભોલા કાલુ કશ્યપની લેખિત તથા મૌખિક સંમતિ મેળવેલ. સદર આરોપીએ બનાવ બાબતે હિસ્ટ્રીમાં એવુ જણાવેલુ કે, તેઓ ભોગ બનનાર (એન)ને બ–ત્રણ મહીનાથી ખેરગામ કોલામાં કામ કરતા હોઈ ઓળખે છે. તેઓ એકબીજાને પસંદ કરતા હોય મોબાઈલ નંબરની આપ–લે કરી વાત શરૂ કરેલ જે બાબત ભોગ બનનાર

(એન)ના ઘરવાળાને પસંદ ન હતી આથી તેમના કાકાની મદદથી ભોગ બનનાર (એન)ને ખેરગામથી મુંબઈ અને ત્યારબાદ મુંબઈથી યુ.પી.તેમના સબંધીને ત્યાં પહોંચાડેલ. તા. ૨૧/૦૧/૨૦૨૫ ના રોજ તેઓ ત્યાં પહોચેલા અને ત્યાંથી ભોગ બનનાર(એન)ને લઈને પોતાના ઘરે યુ.પી.લઈ ગયેલા ત્યાં ભોગ બનનાર(એન) સાથે તા.૨૧/૦૧/૨૦૨૫ થી તા. ૨૬/૧/૨૦૨૫ સુધી સાથે રહેલા ત્યાં તેમણે સાતથી દસ બાર વખત બંનેની મરજીથી શરીર સબંધ બાંધેલા.

**(૨૧.૧)** સદર સાહેદ વધુમાં જણાવે છે કે, સદર દર્દીના વાઈટલ્સ નોર્મલ હતા, તે સભાન અને તપાસમાં સહકાર આપતો હતો અને બાંધો મજબુત હતો, માનસિક રીતે સામાન્ય હતો અને તે અપરણીત હતો. તેના ગુપ્ત ભાગના વાળ જોવા મળેલ. શરીરે કોઈ ઈજાના નિશાનો જણાયેલ નહીં. તેમનાં અભિપ્રાય મુજબ આ દર્દી શારીરીક સબંધ બાંધવા માટે સક્ષમ હતો. જે અંગેનું પ્રમાણપત્ર આંક–૨૬ થી રજુ છે.

**(૨૧.૨)** સદર સાહેદ વધુમાં જણાવે છે કે, આરોપી માંગે કશ્યપની લેખિત તથા મૌખિક સંમતિ મેળવેલ. સદર આરોપીએ બનાવ સબંધી જણાવેલ હિસ્ટ્રી મુજબ તે ભોગ બનનાર(આર)ને ખેરગામ કોલામાં સાથે કામ કરતા હોય આશરે બે મહીનાથી જાણે છે. તેઓ એકબીજાને પસંદ કરતા હોઈ મોબાઈલ નંબર લઈ વાત શરૂ કરેલી પછી ખેરગામ કોલાની પાછળ ઝાળીમાં બે–ત્રણ વખત શરીર સબંધ બાંધેલ.ત્યારબાદ તેઓ ભોગ બનનારને પોતાનાં ઘરે લઈ જવા માગતા હતા આથી તેઓ ભોગ બનનારને તેમના કાકાની મદદથી ખેરગામથી મુંબઈ અને ત્યાંથી યુ.પી.તેમના સબંધીનાં ઘરે પહોંચાડેલ ત્યારબાદ તેઓ તા. ૨૧/૦૧/૨૦૨૫ ના રોજ ત્યાં પહોચેલા અને ભોગ બનનનારને પોતાના ઘરે લઈ ગયેલા જયાં તેઓ તા.૨૧/૧/૨૦૨૫ થી તા.૨૬/૧/૨૦૨૫ સુધી સાથે રહેલા અને ત્યાં તેમણે પોતાની મરજીથી આંઠ થી દસ–બાર વખત શરીર સબંધ બાંધેલો.

**(૨૧.૩)** સદર સાહેદ વધુમાં જણાવે છે કે, સદર દર્દીના વાઈટલ્સ નોર્મલ હતા, તે સભાન અને તપાસમાં સહકાર આપતો હતો અને બાંધો સમજબુત હતો,માનસિક રીતે સામાન્ય હતો અને તે અપરણીત હતો.તેના ગુપ્ત ભાગના વાળ જોવા મળેલ.શરીરે કોઈ ઈજાના નિશાનો જણાયેલ નહીં. તેમના અભિપ્રાય મુજબ આ દર્દી શારીરીક સબંધ બાંધવા માટે સક્ષમ હતો.

જે અંગેનું પ્રમાણપત્ર આંક–૨૯ થી રજુ છે.

**(૨૧.૪)** સદર સાહેદની આરોપીપક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલી છે જેમાં તેઓએ કબૂલ રાખેલ છે કે, આરોપીઓના શરીરે કોઈ બાહ્ય કે આંતરિક ઈજાના નિશાનો જણાયેલ નહી. આરોપીઓને તેમની સમક્ષ પોલીસ જાપ્તા સાથે લાવવામાં આવેલ હતા.

**(૨૧.૫)** આમ, સાહેદનો પુરાવો જોતાં ભોગ બનનાર(એન) તથા ભોગ બનનાર(આર) નાઓએ પોતાના મેડીકલ એકઝામીનેશન દરમ્યાન ડોકટર સાહેદ નં.૧ ડો.મિત્તલબેન રાજેશભાઈ પટેલનાઓને બનાવ સબંધે જણાવેલ હિસ્ટ્રીની વિગતને તથા ભોગ બનનાર (એન) નાઓએ સાહેદ નં.૨ ડો.મેહુલ ગીરીશકુમાર બરુવાલાને તથા ભોગ બનનાર(આર)નાએ સાહેદ નં.૪ ડો.નેહા ડાહ્યાભાઈ પટેલને બનાવ સબંધે જણાવેલ હિસ્ટ્રીની વિગતને સદર સાહેદનાં પુરાવાથી સમર્થન મળે છે. આમ બનાવ સબંધે બંને ભોગ બનનારાઓ દ્વારા સારવાર દરમ્યાન ડોકટરશ્રીને જણાવેલ હીસ્ટ્રીની વિગતો તથા આ કામનાં બંને આરોપીઓએ બનાવ બાદ તબીબી સારવાર દરમ્યાન ડોકટરશ્રીને જણાવેલ હીસ્ટ્રીની વિગતોમાં સુસંગતતા છે અને સદર પુરાવાથી ફરીયાદ પક્ષનાં કેસને સમર્થન મળે છે. ડોકટર સાહેદનો પુરાવો જોતાં બંને આરોપીઓ શરીર સબંધ બાંધવા સક્ષમ હતા તેવુ પણ ફલિત થાય છે.

**(૨૨)** આ કામે પંચ સાહેદ બીપીનચંદ્ર શુકકરભાઈ પટેલને આંક–૩૫ થી સાહેદ નં. ૦૫ તરીકે ફરિયાદ પક્ષે તપાસેલ છે, તેઓનો પુરાવો જોતાં બંને ભોગ બનનારાઓએ તેમને બનાવ સ્થળે લઈ ગયેલ અને ત્યાં કરેલ પંચનામાંની કાર્યવાહીને સમર્થન મળે છે. તેઓએ ભોગ બનનારનાં કપડા કબજે કર્યાની કાર્યવાહીને સમર્થન આપેલ છે અને પંચનામામાં અને પંચ સ્લીપોમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે અને તેમની હાજરીમાં કબજે કરાયેલ કપડાને પણ ઓળખી બતાવેલ છે.

**(૨૨.૧)** સદર પંચ સાહેદની આરોપી પક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલી છે જેમાં તેઓએ કબૂલ રાખેલ છે કે, તેમને પંચમાં રહેવા માટે ઉપરી અધીકારીએ આદેશ કરેલ જેથી તેઓ પંચમાં રહેવા માટે ગયેલ. તેઓ પંચમાં રહેવા માટે તેમની ફરજના ભાગરૂપે ગયેલા. પોલીસે પંચનામામા જે પ્રમાણે લખેલ હોય તે મુજબની જુબાની ન આપીએ તો ખાતાકીય કાર્યવાહી પણ થઈ શકે છે. તેઓ પો.સ્ટે.માં જઈને પી.આઈ.ને મળેલા. ખેરગામ ભેસ્તા

ફળીયામાં આઈ.ટી.આઈ.ક્રિકેટ મેદાનની બાજુમાં ગોળનું કોલુ છે ત્યાં જવાની હકીકત તેમને પી.આઈ.સાહેબે જણાવેલી. તેમને પંચનામાંની કાર્યવાહી દરમ્યાન પોલીસના માણસો સાથે વાતચીત કરવાનો પ્રસંગ બનેલો. બનાવવાળી જગ્યાએથી કોઈ ચીજવસ્તુઓ કબજે કરેલ નથી. તેઓ પો.સ્ટે.માં ગયા હોય અને કોઈ પ્રાથમિક પંચનામું કરેલ હોય અને ત્યારબાદ બનાવવાળી જગ્યાએ ગયેલ હોય તેવુ બનેલ નથી. બંને પંચનામા ઉપર સહી કરાવનો પ્રસંગ એક જ તારીખે અને એક જ સમયે અને એક જ જગ્યાએ સહી કરવાનો પ્રસંગ બનેલો. મુદ્દામાલ વાળા કપડા પો.સ્ટે.માં ટેબલ ઉપર પડોલ હતા અને પોલીસે તેમને જણાવેલ કે, આ કપડા કબજે કરવાના છે અને તેનુ પંચનામું કરવાનુ છે. પોલીસ કપડા કયાંથી લાવેલી તે બાબતની તેમને કોઈ અંગત માહીતી નથી.

**(૨૩)** આ કામે પંચ સાહેદ જૈશલભાઈ ગોવિંદભાઈ ચૌધરીને આંક–૪૪ થી સાહેદ નં .૦૬ તરીકે ફરિયાદ પક્ષે તપાસેલ છે, તેઓ આંક–૪૫ થી રજુ આરોપીઓનાં કપડા કબજે કર્યાનાં પંચનામાના પંચ સાહેદ છે. તેઓ પંચનામામાં તેમજ પંચ સ્લીપોમાં પોતાની સહીઓ ઓળખી બતાવે છે તેમજ મુદ્દામાલ કપડા ઓળખી બતાવેલ છે.

**(૨૩.૧)** સદર પંચ સાહેદની આરોપી પક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલી છે જેમાં તેઓએ કબૂલ રાખેલ છે કે, તેમને પંચમાં રહેવા માટે ઉપરી અધીકારીએ આદેશ કરેલ જેથી તેઓ પંચમાં રહેવા માટે ગયેલ.તેઓ પંચમાં રહેવા માટે તેમની ફરજના ભાગરૂપે ગયેલા. પોલીસે પંચનામામાં જે પ્રમાણે લખેલ હોય તે મુજબની જુબાની ન આપીએ તો ખાતાકીય કાર્યવાહી પણ થઈ શકે છે.તેઓ પો.સ્ટે.માં ગયા ત્યારે આરોપીઓ પોલીસ કસ્ટડીમાં હતા.મુદ્દામાલવાળા કપડા પો.સ્ટે.માં ટેબલ ઉપર પડેલા હતા અને પોલીસે તેમને જણાવેલ કે આ કપડા કબજે કરવાના છે અને તેનું પંચનામું કરવાનું છે. પોલીસ કપડા કયાંથી લાવેલી તે બાબતની તેમને કોઈ અંગત માહીતી નથી.

**(૨૪)** આ કામે પંચ સાહેદ મનોજભાઈ રાજુભાઈ વાંસકોડીયાને આંક–૫૨ થી સાહેદ નં.૦૭ તરીકે તથા પંચ સોહદ રાકેશભાઈ વિજયપ્રકાશ તિવારીને આંક–૫૪ થી સાહેદ નં.૦૮ તરીકે ફરિયાદ પક્ષે તપાસેલ છે, તેઓ આંક–૫૩ થી રજુ આરોપીઓની શરીર સ્થિતિનાં

પંચનામાંના પંચ સાહેદો છે. તેઓ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે તે સિવાય પંચનામાની કાર્યવાહીને સમર્થન આપેલ નથી.

**(૨૪.૧)** સદર બંને પંચ સાહેદોએ ફરિયાદ પક્ષની હકીકતને સમર્થન આપેલ ન હોઈ, તેઓને હોસ્ટાઈલ જાહેર કરી વિ.એ.પી.પી.શ્રીએ ઉલટ તપાસ કરવા છતાં ફરિયાદ પક્ષને લેશમાત્ર સમર્થન મળે તથા આંક–૫૩ વાળા પંચનામાની વિગતોને સમર્થનકારી કોઈ હકીકત જણાવેલ નથી.

**(૨૫)** આ કામે ફરીયાદી રાકેશભાઈ ભગવાનભાઈ અલાવાને આંક–૫૭ થી સાહેદ નં .૦૯ તરીકે ફરિયાદ પક્ષે તપાસેલ છે, તેઓએ પુરાવામાં જણાવેલ છે કે, તેઓ બાણદા ગામ, જી.ધાર, મધ્યપ્રદેશ મુકામે હાલ રહે છે અને મજુરી કરી તેમનાં પરિવારનું ગુજરાન ચલાવે છે અને તેમને સંતાનમાં એક દિકરી અને બે દિકરા છે જેમાં સૌથી મોટો રવિ, તેનાથી નાનો સુનીલ અને સૌથી નાની ભોગબનનાર (એન) છે. હાલની ફરીયાદ તેઓએ સને ૨૦૨૫ માં હોળીનાં તહેવાર પહેલા આપેલી. બનાવ સમયે તેઓ ખેરગામ મુકામે શેરડીના કોલા ઉપર કામ કરવા માટે આવેલા હતા. બનાવના દીવસે તેઓ ઘરે હતા. બપોરે બે થી ત્રણના ગાળામાં ભોગબનનાર (એન) અને ભોગબનનાર (આર) બજાર ગયેલી. જે ઘણો સમય થવા છતાં ઘરે આવેલી નહી. જેથી તેઓ તેણીઓને શોધવા માટે ગયેલ પરંતુ બંને ભોગ બનનારો મળી આવેલી નહી પછી તેઓ પો.સ્ટે. ગયેલો અને ત્યાં અજાણ્યા ઈસમો વિરૂધ્ધ ફરીયાદ આપેલી. ત્યાર બાદ બંને ભોગબનનારો આંઠ–દસ દિવસ પછી મળી આવેલી અને પોલીસ સ્ટેશન આવેલ છે જેથી તેઓ બધા ત્યાં ગયેલા.ત્યાર બાદ બંને ભોગ બનનારોની પોલીસે પુછપરછ કરેલી અને પછી સરકારી દવાખાને બંને ભોગબનનારોને મેડીકલ તપાસ કરાવેલી. બંને ભોગ બનનારોનું જજ સાહેબ પાસે કોર્ટમાં નિવેદન લેવામાં આવેલુ ત્યાર બાદ બંને ભોગબનનાર તેમની સાથે ઘરે આવેલી. ભોગ બનનારોને ટ્રેન બતાવીને લાવુ તેમ કહી માંગે લઈ ગયેલો અને બંને ભોગ બનનારોને ટ્રેનમાં બેસાડીને ભગાડી ગયેલ અને પોતે ગોળના કોલા ઉપર પરત આવી ગયેલો અને આ બંને આરોપીઓ તથા તેમના બે મીત્રો પણ ત્રણ દીવસ પછી ગોળના કોલા ઉપરથી ભાગી ગયેલા. બંને ભોગબનનારો તથા આરોપીઓ યુ.પી. ખાતે મળેલા. આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

**(૨૫.૧)** સદર ફરિયાદીએ ફરિયાદ પક્ષની હકીકતને સમર્થન આપેલ ન હોઈ, તેઓને હોસ્ટાઈલ જાહેર કરી વિ.એ.પી.પી.શ્રીએ ઉલટ તપાસ કરવા છતાં ફરિયાદ પક્ષને લેશમાત્ર સમર્થન મળે તેવો પુરાવો આપેલ નથી.

**(૨૫.૨)** સદર ફરીયાદીની આરોપી પક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલી છે જેમા તેઓએ કબૂલ રાખેલ છે કે, તેઓ અને ભોગ બનનારો સાથે મજુરી કરતા હતા. પો.સ્ટે.માં એક અજાણ્યા ઈસમ સામે ફરીયાદ આપેલી.સાહેદે જણાવેલ છે કે, તેઓએ પોલીસને આરોપીઓના નામ જણાવેલા પરંતુ પોલીસે પહેલા તપાસ કરવાનું જણાવેલ.

**(૨૫.૩)** આમ ફરીયાદીનો પુરાવો જોતા તેમણે આપેલ ફરીયાદ બાદ ગુનો નોંધી તપાસ કરતા પોકસો એકટ હેઠળનાં ગુનાની વિગતો બહાર આવેલ છે. તેમણે મુળ ફરીયાદ અજાણ્યા ઈસમો વિરૂધ્ધ આપેલી બાદમાં તપાસ દરમ્યાન બંને ભોગ બનનાર આરોપીઓ સાથે યુ.પી.થી મળી આવતા બંને ભોગ બનનારનાં નિવેદનો નોંધાયા બાદ આ કામે પોકસોની કલમનો ઉમેરો કરવાની કાર્યવાહી થયેલ છે.

**(૨૬)** આ કામે સાહેદ હાર્દિકભાઈ ધનસુખભાઈ ચૌધરીને આંક–૬૬ થી સાહેદ નં. ૧૨ તરીકે ફરિયાદ પક્ષે તપાસેલ છે, તેઓનો પુરાવો જોતા તેમણે સ્થળ નિરીક્ષણ કરતા તેમને બનાવને અનુરૂપ કોઈ પુરાવા મળી આવેલા નહી હોવાનું જણાવેલ છે અને સ્થળ પરીક્ષણ અહેવાલ આંક–૬૭ થી રજુ રાખેલ છે.

**(૨૬.૧)** સદર સાહેદની આરોપી પક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલી છે તે તપાસતાં તેઓએ કબૂલ રાખેલ છે કે, બનાવ સ્થળે તેઓ પરીક્ષણ કરવા ગયેલ તે અગાઉ તેઓને બળાત્કારના સ્થળનું પરીક્ષણ કરવાનું છે તેની તેઓને જાણ હતી. તેઓએ ઝીણવટ ભરી રીતે સ્થળ પરીક્ષણ કરેલ. બનાવ સ્થળે ભોગ બનનારની સંમતી કે સમંતી વગર શારીરીક સબંધ બનાવવામાં આવેલ હોય તે અંગેના કોઈ પુરાવા મળેલા નહી.

**(૨૭)** આ કામે ત.ક.અ.મોહમદ ઈરફાન લીયાકતઅલી સૈયદને આંક–૭૫ થી સાહેદ નં.૧૪ તરીકે ફરિયાદ પક્ષે તપાસેલ છે, તેઓએ પુરાવામાં જણાવેલ છે કે,તા.૨૮/૦૧/ ૨૦૨૫ નાં રોજ તેઓ ખેરગામ પો.સ્ટેશને ઈ.ચા. પોલીસ સબ ઈન્સ્પે. તરીકે તેમની ફરજ પર

હાજર હતા તે દરમ્યાન તેઓએ આ કામે ફરીયાદી રાકેશભાઈ ભગવાનભાઈ અલાવાનુ તેમના લખાવ્યા મુજબનુ વિશેષ નીવેદન નોંધેલુ. ત્યારબાદ ભોગબનનાર છોકરીઓ મળી આવતા તેઓના નીવેદનો લીધેલા. ત્યારબાદ ભોગબનનારનાઓને તેઓએ તેમના વાલીને સુપરત કરેલા અને તેઓના નીવેદનો લીધેલા. ભોગબનનાર (આર)નું વિગતવારના નીવેદનમાં તેણીએ જણાવેલ કે, અમોને તથા અમારી સાથે ભોગબનનાર (એન)અત્રેથી ભોલા અને માંગે અમોને પ્રેમસંબધ હોય જેથી અમને લોકોને તેઓ અમારા રહેવાના સ્થળેથી સૌપ્રથમ બજારમાં બોલાવેલા અને ત્યાં ભોલાએ અમોને જણાવેલ કે,વલસાડ રેલવે સ્ટેશને જઈ બાગપતની ટ્રેન પકડી બાગપત જજો, હું મારી બેનને તમારા ફોટા મોકલી દઈશ, તે તમને ત્યાં લેવા આવશે. પછી તા.૧૩/૧/૨૦૨૫ ના રોજ ભોલો તથા માંગેનાઓએ તેઓને જણાવેલ કે, કોલા ઉપરથી પગપાળા ચાલી ખેરગામ બજારમાં પહેલા જતા રહો અને પાછળથી મો.સા. લઈને તમને વલસાડ રેલવે સ્ટેશન મુકવા આવશે તેવુ કહેતા બંને ભોગબનનાર તા.૧૩/૧/૨૫ નાં રોજ ઘરમાંથી બહાનુ કાઢી ઘરમાંથી નીકળી ગયેલા અને માંગેની મો.સા. ઉપર બેસી વલસાડ બ્રીજ સુધી પહોંચેલા અને ત્યાંથી ઓટોમાં બેસી વલસાડ રેલવે સ્ટેશન ગયેલા અને ત્યાં બાગપતની ટ્રેન છુટી ગયેલ, જેથી તેઓ ત્યાંથી મુંબઈ ગયેલા અને મુંબઈથી ટ્રેનમાં બેસી બાગપત ગયેલા અને ત્યાંથી આરોપીના જણાવ્યા મુજબ ભોલાની બહેન ત્યાં આવી ગયેલી. ત્યારબાદ તેઓને ઘરે લઈ ગયેલા અને ત્યારબાદ આરોપીઓ તેમના વતન આવેલા અને ત્યારબાદ મારા મંદીરમાં ફુલહારથી લગ્ન આરોપી નંબર ૨ માંગે સાથે તેમજ ભોગબનનાર (એન) ના ફુલહારથી લગ્ન આરોપી નંબર ૧ ભોલા સાથે કરેલ અને ત્યારબાદ તે રાત્રે શારીરીક સબંધ બાંધેલ અને આ મુજબનુ નીવેદન ભોગબનનાર (એન) નાઓએ આપેલ તથા ભોગબનનાર (એન) ના જણાવ્યા મુજબ તેણીએ ભોલા સાથે લગ્ન કરેલા અને ભોલાએ તેની સાથે શારીરીક સબંધ બાંધેલ. તે મુજબના વિગતવારના નીવેદનો તેઓના લખાવ્યા મુજબ તેઓએ લખી લીધેલા. ત્યારબાદ આગળની તપાસ પી.આઈ.ડી.એસ.કોરાટે સંભાળી લીધેલ.

**(૨૭.૧)** આમ સાહેદનો પુરાવો જોતા બંને ભોગ બનનારનાઓએ પોતાના નિવેદનમાં જણાવેલ વિગતો બંને ભોગબનનારનાં કોર્ટ રૂબરૂનાં પુરાવા તેમજ તેઓના બી.એન.એસ.એસ. ૧૮૩ ના નિવેદન અને ડોકટરશ્રીઓ સમક્ષ જણાવેલ હીસ્ટ્રીની વિગતોને સમર્થન કરનારી છે.

**(૨૮)** આ કામે ત.ક.અ.દીપક શંભુભાઈ કોરાટને આંક–૭૬ થી સાહેદ નં.૧૫ તરીકે ફરિયાદ પક્ષે તપાસેલ છે, તેઓએ પુરાવામાં જણાવેલ છે કે, તેમણે બંને ભોગબનનારના વિશેષ નીવેદનો નોંધેલા. બાદમાં આ કામે મુળ ફરીયાદમાં પોકસો એકટ મુજબનો ગુનો બનતો હોય મુળ એફ.આઈ.આર.માં બી.એન.એસ.ની કલમ–૮૭, ૬૪(૨)(આઈ)(એમ), ૬૫(૧) તથા પોકસો એકટની કલમ–૩(૧), ૪, ૫(એલ), ૬ અને ૧૨ મુજબનો ઉમેરો કરવા સારુ નામદાર કોર્ટમાં યાદી કરેલ. સદર સાહેદ વધુમાં જણાવે છે કે, બાદમાં આ કામે બંને ભોગ બનનારની મેડીકલ તપાસણી કરવા તથા જરૂરી નમુના લેવા માટે તજવીજ કરેલી તથા મેડકીલ કરાવવા માટે જરૂરી સમંતી પત્રકો મેળવેલા. અન્ય સાહેદોના નીવેદનો લીધેલા. બાદમાં આ કામે બે સરકારી પંચો તેમજ એફ.એસ.એલ. અધીકારી રૂબરૂ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલ. જે આંક–૩૬ વાળુ પંચનામું તે જ છે જેમાં તેમની અને તેમની રૂબરૂ પંચોએ સહી કરેલી. ત્યારબાદ આ કામે બંને સરકારી પંચોની હાજરીમાં બંને ભોગબનનારે ગુના વખતે પહેરેલ કપડા રજુ કરતા હોય પંચનામાની વિગતે કબજે લીધેલ. જે પંચનામું આંક–૩૭ થી રજુ છે. ત્યાર બાદ આ કામે બંને ભોગબનનારોના બી.એન.એસ. ની કલમ – ૧૮૩ ના નીવેદન મેળવવા માટે તજવીજ કરેલી. ત્યારબાદ આગળની તપાસ વુમન પી.આઈ. પી.ડી.ચૌધરીને સોંપેલી.

**(૨૮.૧)** સદર સાહેદ વધુમાં જણાવે છે કે, તેઓએ ભોગબનનારના મેડીકલ ચકાસણી કરી જરૂરી નમુનાઓ લેવા બાબતે મેડીકલ ઓફીસરશ્રી સિવિલ હોસ્પીટલ, નવસારીને યાદી કરેલી. ત્યાર બાદ સદર ગુનાનાં કામે તેઓએ એફ.એસ.એલ.ઈન્વે.વાનનાઓને ગુનાવાળી જગ્યાએ પધારી તેઓનો સ્થળ પરીક્ષણ અહેવાલ આપવા માટે યાદી કરેલ. જે યાદી આંક– ૬૮ થી રજુ છે. એફ.એસ.એલ. ઈન્વેવાન દ્ધારા સ્થળ ઉપર પધારી તેઓનો પરીક્ષણ અહેવાલ આપેલ જે આંક–૬૭ થી રજુ છે.

**(૨૮.૨)** આમ, સાહેદે ગુનાની તપાસ દરમ્યાન કરેલી કાર્યવાહીને સમર્થન કરતો પુરાવો આપેલ છે. આ કામે ગુનાવાળી જગ્યાનું પંચનામું (આંક–૩૬) તથા બંને ભોગ બનનારનાં કપડા કબજે કર્યાનાં પંચનામા(આંક–૩૭)ની કાર્યવાહીનાં ફરીયાદ પક્ષનાં સાહેદ નં.૦૫– બીપીનચંદ્રનાં પુરાવાથી સાહેદનાં પુરાવાને સમર્થન મળે છે તેમજ આ કામનાં બંને ભોગ

બનનાર દ્વારા પણ સાહેદે જણાવેલ પંચનામાંની કાર્યવાહીને પોતાના કોર્ટ રૂબરૂનાં પુરાવામાં સમર્થન આપેલ છે.

**(૨૯)** આ કામે ત.ક.અ. પીનલબેન દેવજીભાઈ ચૌધરીને આંક–૯૬ થી સાહેદ નં. ૧૮ તરીકે ફરિયાદ પક્ષે તપાસેલ છે, તેઓએ પુરાવામાં જણાવેલ છે કે, તેઓ હાલ ખેરગામ પો.સ્ટે.માં પી.આઈ. તરીકે ફરજ બજાવે છે. ફેબ્રુઆરી–૨૦૨૫ ના સમયગાળામાં તેઓ પી. આઈ., ચીખલી પો.સ્ટે. તરીકે ફરજ બજાવતા હતા તે વખતે આ ગુનાની તપાસ ડી.એસ. કોરાટ, પી.આઈ. સાહેબનાઓ કરતા હોય તેઓની પાસેથી તેઓએ સંભાળી લીધેલ. આ ગુનાના કામે આરોપીઓ મળી આવતા તેઓનુ શરીરસ્થિતીનુ અટક પંચનામુ પંચોની હાજરીમાં કરેલુ. તેઓ આંક–૫૩ વાળા પંચનામામાં બે પંચોની તથા રૂબરૂ તરીકે તેમની સહી ઓળખી બતાવે છે. ત્યાર બાદ બે પંચોની હાજરીમાં આરોપીઓએ બનાવ સમયે પહેરેલ કપડા તેઓ રજુ કરતા હોય તે કપડા બંને આરોપીઓના પંચનામાની વિગતે પંચોની હાજરીમાં તપાસ અર્થે કબજે કરેલા. તેઓ આંક–૪૫ વાળા પંચનામામાં બે પંચોની તથા રૂબરૂ તરીકે તેમની સહી ઓળખી બતાવે છે. ત્યાર બાદ બંને આરોપીઓની મેડીકલ તપાસ કરવા સારુ સી.એચ.સી. ખેરગામનાઓને યાદી કરેલ જે આંક–૨૪ થી રજુ છે.

**(૨૯.૧)** સદર સાહેદની આરોપીપક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલી છે તે તપાસતાં તેઓએ એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આ કામે તેઓએ કરેલા પંચનામાઓ પંચોની હાજરીમાં કરેલ નથી અને ફકત તેમાં પંચોની સહીઓજ મેળવેલ છે.

**(૨૯.૨)** આમ સદર સાહેદે તેઓ દ્વારા કરેલ કામગીરીને સમર્થન કરતો પુરાવો આપેલ છે. આ કામે બંને આરોપીઓના કપડા કબજે કર્યાનું પંચનામું (આંક–૪૫) ની કાર્યવાહીનાં ફરીયાદ પક્ષનાં સાહેદ નં.૦૬– જૈશલભાઈનાં પુરાવાથી સાહેદનાં પુરાવાને સમર્થન મળે છે. આરોપીઓની શરીર સ્થિતિનાં પંચનામાં (આંક–૫૩) નાં પંચ સાહેદો– મનોજભાઈ વાંસકોડીયા (સાહેદ નં.૭) તેમજ રાકેશ તિવારી(સાહેદ નં.૮) નાઓએ પંચનામાની કાર્યવાહીને સમર્થન આપેલ નથી અને પંચનામામાં માત્ર સહી ઓળખી બતાવેલ છે પરંતુ સાહેદે કાર્યવાહીને સમર્થન કરતો પુરાવો આપેલ છે.

(૩૦) આમ, આરોપીઓ સામે આક્ષેપાયેલા ગુનાનું તહોમત જોતાં આ પ્રકારનો ગુનો એકાંતમાં બનતો હોય આ બાબતે ભોગ બનનારનો પુરાવો મહત્વનો ગણાય. કાયદાનાં પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ જયારે ભોગ બનનારનો પુરાવો વિશ્વસનીય હોય ત્યારે તેવા પુરાવાને અન્ય સ્વતંત્ર પુરાવાનું સમર્થન મળવુ અનિવાર્ય ગણાય નહી. આ કામે અગાઉ ચર્ચા કર્યા મુજબનો બંને ભોગ બનનારનો પુરાવો જોતાં બંને ભોગ બનનાર દ્વારા આ કામનાં આરોપીઓએ તેમની સાથે વારંવાર શારીરીક સબંધ બાંધ્યા હતા તેવુ સ્પષ્ટ રીતે પોતાના પુરાવામાં જણાવેલ છે. બંને ભોગ બનનારનાં પુરાવામાં એવી કોઈ નોંધપાત્ર વિસંગતતા જોવા મળતી નથી કે જેથી તેમના પુરાવાની વિશ્વસનીયતા વિષે શંકા ઉભી થાય. આ કામના બંને ભોગ બનનાર દ્વારા બી.એન.એસ.એસ.ની કલમ-૧૮૩ અન્વયે મેજીસ્ટ્રેટ રૂબરૂ જણાવેલ નિવેદનની હકીકતોથી પણ તેમના કોર્ટ રૂબરૂનાં પુરાવાને સમર્થન મળે છે. વધુમાં બંને ભોગ બનનાર દ્વારા તબીબી અધિકારી સમક્ષ આપેલ હિસ્ટ્રીની વિગતો પણ તેમના કોર્ટ રૂબરૂનાં પુરાવા સાથે સુસંગત છે. આ ઉપરાંત આ કામનાં બંને આરોપીઓએ પણ પોતાની તબીબી તપાસ દરમ્યાન તબીબી અધીકારી સમક્ષ સ્વેચ્છીક રીતે આપેલ નિવેદનથી પણ ફરીયાદ પક્ષનાં કેસને સમર્થન મળે છે. આ તમામ સંજોગો ધ્યાને લેતાં ફરીયાદપક્ષ પોતાના કેસની મુળભુત હકીકતો પુરવાર કરવામાં સફળ નિવડેલ હોવાનું સ્પષ્ટ થાય છે. ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ નિવડેલ હોવાની વિ.એ.પી.પી.શ્રીની દલીલ સાચી જણાય છે.

(૩૧) ફરીયાદપક્ષ પોતાના કેસની મુળભુત હકીકતો સાબિત કરી શકેલ હોય પોકસો એકટની કલમ-૨૯ અને ૩૦ ની જોગવાઈ હાલનાં કેસમાં પ્રસ્તુત જણાય છે. જે નીચે મુજબ છે.

**કલમ-૨૯ અમુક ગુનાઓ અંગે માની લેવા બાબત.**

**( *Presumption as to certain Offences* )**

'' જયાં કોઈ વ્યકિતને આ અતિનિયમની કલમ-૩,૫,૭, અને ૯ અન્વયેના કોઈ ગુનાને કરવાના અથવા તેવા ગુનાનું દુષ્પ્રેરણ કરવાના અથવા આવા ગુનનાને કરવાના પ્રયત્ન કરવા માટે તેના ઉપર કાનુની કાર્યવાહી કરવામાં આવે ત્યારે સ્પેશ્યલ અદાલત દ્વારા જયાં સુધી તેનાથી વિરૂધ્ધનું સાબિત કરવામાં ન આવે (*Unless the contrary is proved* ) ત્યાં સુધી

એવુ માની લેવામાં આવશે ( *Shall presume* ) કે આવા વ્યકિતએ યથાપ્રસંગે એવો ગુનો કરેલ છે, દુષ્પ્રેરણ કરેલ છે અથવા ગુનાને કરવાનો પ્રયત્ન કરેલ છે.''

**કલમ–૩૦ ગુનાહિત માનસિક સ્થિતિ અંગે માની લેવા બાબત.**

**( *Presumption of Culpable state* )**

(૧) આ અધિનિયમ અન્વયેના કોઈ પણ ગુના માટે કોઈ પણ ઈન્સાફી કાર્યવાહીમાં કે જેમાં આરોપીની ગુનાહિત માનસિક સ્થિતિ આવશ્યક હોય ત્યારે સ્પેશ્યલ કોર્ટ આવી માનસિક સ્થિતિના અસ્તિત્વ અંગે અનુમાન કરશે પરંતુ આરોપીને પોતાના બચાવમાં સાબિત કરવુ પડશે કે તેની માનસિક સ્થિતિ સાથે તેની સામે ચલાવવામાં આવતી ઈન્સાફી કાર્યવાહીમાં જે ગુના માટે તેના ઉપર તહોમત મુકવામાં આવેલ છે તેની સાથે તેની માનસિક સ્થિતિનો કોઈ સબંધ રહેતો નથી.

(૨) આ અધિનિયમના હેતુઓ માટે કોઈ હકીકતની સાબિતી ત્યારે જ ગણવામાં આવશે કે જયારે સ્પેશ્યલ કોર્ટનાં મંતવ્ય મુજબ કોઈ શંકા સિવાય આવુ થયુ હોવા અંગે વિશ્વાસ હોય અને માત્ર ત્યારે નહી જયારે તે બન્ય હોવાની સંભાવનાની પ્રબળતા દ્ધારા સ્થાપિત થયેલ હોય.

**(૩૧.૧)** જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ ૨૦૧૨ ની કલમ–૨૯ અને ૩૦ જોવામાં આવે તો કલમ–૨૯ મુજબ કોઈ પણ વ્યકિત ઉપર જયારે જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ ૨૦૧૨ ની કલમ–૩,૫,૭,૯ મુજબના ગુના સબબ કાનુની કાર્યવાહી કરવામાં આવે ત્યારે સ્પેશ્યલ કોર્ટ દ્ધારા જયાં સુધી તેના વિરૂધ્ધનુ સાબિત કરવામાં ન આવે ત્યાં સુધી એવું માની લેવામાં આવે કે આવા વ્યકિતએ એવો ગુનો કરેલ છે. જયારે જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ ૨૦૧૨ ની કલમ–૩૦ મુજબ સ્પેશ્યલ કોર્ટ દ્ધારા આરોપીની ગુનાહિત માનસિક સ્થિતિ અંગે અનુમાન કરવાનું રહે છે. જયારે ફરીયાદ પક્ષ દ્ધારા આરોપીની વિરૂધ્ધ કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ હોય ત્યારે તેવા વિરૂધ્ધના પુરાવાનું ખંડન કરવાની જવાબદારી આરોપીની રહે છે. આ હકીકત માટે ફરીયાદ પક્ષે સૌપ્રથમ આરોપી વિરૂધ્ધનો કોઈ પુરાવો રજુ કરવાનો અનિવાર્ય છે. જયારે ફરીયાદ પક્ષ દ્ધારા આરોપીની વિરૂધ્ધનો પુરાવો રજુ કરેલ હોય અને આરોપી વિરૂધ્ધ પોકસો એકટની કલમ–૩(એ), ૪, ૫(એલ),૬,૧૨મુજબનો ગુનો કર્યાનો આક્ષેપ હોય ત્યારે આરોપી વિરૂધ્ધના આવા અનુમાનનું

ખંડન કરવાનો બોજો આરોપી ઉપર રહેલ છે. આમ, આ કામે ફરીયાદપક્ષે પોતાના કેસની મુળભુત હકીકતો સાબિત કરેલ હોય આરોપીની માનસિક સ્થિતિ વિષે વિરૂધ્ધનુ અનુમાન કરવાનું રહે છે. આ કામે અગાઉ ચર્ચા કર્યા મુજબનો પુરાવો જોતા આરોપીઓ દ્વારા અનુમાનનું ખંડન થયેલ નથી તેમજ આરોપીઓ તરફે કોઈ સ્વતંત્ર મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી.

**(૩૧.૨)** આરોપીઓનાં વિ.વકીલશ્રી વી.એ.નાયકનાઓએ ફરીયાદપક્ષનાં સાહેદ નં.૨ ડો.મેહુલ ગીરીશકુમાર બરૂવાલાનાં પુરાવા તરફ લક્ષ દોરી દલીલ કરેલ છે કે, તેઓએ આ કામે ભોગ બનનાર(એન) ની શારીરીક તપાસ કરેલી. સાહેદે પોતાની ઉલટ તપાસમાં એવુ સ્પષ્ટ જણાવેલ છે કે ભોગ બનનાર(એન) ની તપાસ દરમ્યાન યોની પટલ ઈન્ટેક જોવા મળેલ આથી ભોગ બનનાર(એન) દ્વારા કોર્ટ રૂબરૂ જણાવવામાં આવેલ શારીરીક સબંધનાં પુરાવાને ડોકટર સાહેદનાં પુરાવાથી સમર્થન મળતુ નથી અને ડોકટર સાહેદનો પુરાવો જોતા ભોગ બનનાર (એન) સાથે આરોપી–ભોલાએ તેની સાથે શારીરીક સબંધ બાંધેલો તે હકીકત તેઓ ખોટી જણાવતા હોવાનું સાબિત થાય છે.

**(૩૧.૩)** આરોપીઓનાં વિ.વ.શ્રીએ વધુમાં ફરીયાદપક્ષનાં સાહેદ નં.૪ ડો.નેહા પટેલનાં પુરાવા તરફ લક્ષ દોરી રજુઆત કરેલ છે કે, સાહેદે ઉલટ તપાસમાં એવુ સ્વીકારેલ છે કે ભોગ બનનાર(આર)ની તપાસ દરમ્યાન તેઓએ નજીકનાં સમયમાં સંમતિ થી કે તેમની ઈચ્છા વિરૂધ્ધ શરીર સબંધ બાંધેલ હોય તેવુ જણાયેલ નહી. આથી પણ ભોગ બનનાર કોર્ટમાં શરીર સબંધ વિષે ખોટો પુરાવો આપતા હોવાનું પુરવાર થાય છે.

**(૩૧.૪)** આરોપીઓનાં વિ.વ.શ્રીએ ફરીયાદ પક્ષે તપાસેલ તમામ ડોકટર સાહેદોનાં પુરાવા તરફ લક્ષ દોરી દલીલ કરેલ છે કે, આ પુરાવાથી બંને ભોગ બનનારનાં શરીરે ઈજાનાં નિશાન ન હતા એવુ સ્પષ્ટ થાય છે. આથી આરોપીઓએ ભોગ બનનારની સાથે બળજબરી કરી શરીર સબંધ બાંધેલ નથી તેવુ પુરવાર થાય છે.

**(૩૧.૫)** આરોપીઓ તરફેની ઉપરોકત રજુઆતો જોતા એવુ જણાય છે કે, તબીબી પરીક્ષણ દરમ્યાન યોની પટલ અખંડીત અને ફાટેલુ ન હોવાનું જણાતુ હોય એટલા માત્ર કારણસર ભોગ બનનાર સાથે જાતીય સંભોગ થયો જ નથી તેવો નિષ્કર્ષ કાઢી શકાય નહી.

અખંડીત હાયમનને કારણે યોની પ્રવેશ થયો જ નથી તેવુ માની શકાય નહી. ઘણા કિસ્સામાં હાયમન લવચીક (ELASTIC) હોય છે. આથી યોની પ્રવેશ પછી પણ તે ફાટી જતુ નથી તેમજ આંશિક યોની પ્રવેશ પણ હાયમન ફાટયા વગર થાય તે શકય છે. આમ, ડોકટરશ્રીનો હાયમન અખંડિત હોવાનો અભિપ્રાય એ નિર્ણાયક પુરાવો ગણાય નહી. પોકસો હેઠળના ગુનામાં સંપુર્ણ સંભોગ થવો આવશ્યક ગણાય નહી. જાતીય સંભોગની બાબત નકકી કરવા ભોગ બનનારનો પુરાવો મહત્વનો ગણાય અને તેને પોતાના પુરાવામાં આરોપી દ્વારા તેની સાથે વારંવાર શરીર સબંધ બાંધ્યાનું સ્પષ્ટરીતે જણાવેલ છે. તેમજ તેમના પુરાવાને મેજીસ્ટ્રેટ રૂબરૂનાં નિવેદનથી તેમજ ડોકટરશ્રી રૂબરૂની હીસ્ટ્રીની વિગતોથી સમર્થન મળે છે. આથી મેડીકલ ઓફિસરના અભિપ્રાયને આધાર બનાવી રજુ અન્ય પુરાવાને ઉવેખી શકાય નહી. હાલનો ગુનો પોકસો એકટ અન્વયેનો હોય અને બનાવ સમયે ભોગ બનનાર સગીર વયનાં હતા તેવુ પુરવાર થતુ હોય બનાવ બાબતે ભોગ બનનારની સંમતિની બાબત મહત્વની ગણાય નહી. આથી ભોગ બનનારનાં શરીરે ઈજાનાં નિશાન ન હતા તેવુ તબિબી પરીક્ષણ દરમ્યાન બહાર આવેલ છે તેને કારણે તેની સાથે શરીર સબંધ બંધાયેલ નથી તેવુ માની શકાય નહી. આમ, વિ.એ.પી.પી.શ્રી તરફે રજુ થયેલ રાજેન્દ્ર શર્મા વિ. સ્ટેટ ઓફ દિલ્લીનાં ચુકાદાનો સિધ્ધાંત જોતા પણ યોનીપટલ અખંડિત હોવાનાં કારણે પોકસો એકટની જોગવાઈઓ મુજબ ગુનો બનતો નથી તેવુ કહી શકાય નહી.

**(૩૧.૬)** આરોપીઓનાં વિ.વ.શ્રીએ બંને ભોગ બનનારની ઉલટ તપાસ તરફ લક્ષ દોરી દલીલ કરેલ છે કે, તેઓએ પોતાની ઉલટ તપાસમાં એવુ સ્પષ્ટ જણાવેલ છે કે, મેડીકલ તપાસ દરમ્યાન પોલિસને બનાવ સબંધીત તમામ હકીકતો જણાવેલી. આથી બંને ભોગ બનનારે ડોકટર રૂબરૂ જણાવેલ હિસ્ટ્રીની વિગતો ઉપર આધાર રાખી શકાય નહી. આરોપીઓ તરફે વધુમાં દલીલ છે કે, આરોપીઓને તબીબી પરીક્ષણ માટે પોલીસ જાપ્તા હેઠળ લઈ જવામાં આવેલ હતા તેનો સ્વીકાર તેઓનું તબીબી પરીક્ષણ કરનાર સાહેદ નં.૩ ડોકટર કેતન પટેલ નાઓએ પોતાના પુરાવામાં કરેલ છે. આથી આરોપીઓ તરફે જણાવવામાં આવેલ હીસ્ટ્રીની વિગત પર આધાર રાખી શકાય નહી.

**(૩૧.૭)** ફરીયાદપક્ષનો પુરાવો જોતા એવુ જણાય છે કે આરોપીઓની તબીબી તપાસ

દરમ્યાન તેઓએ તબીબી અધીકારી સમક્ષ સ્વેચ્છીક રીતે કેટલીક હકીકતો જણાવેલ હતી. આ નિવેદન કોઈ પોલીસ અધીકારી સમક્ષ આપવામાં આવેલ નિવેદન નથી અને તે તપાસના ભાગ રૂપે તબીબી અધીકારી દ્વારા નોંધવામાં આવેલ હીસ્ટ્રીનો ભાગ છે. એ વાત ખરી છે કે, આરોપી દ્વારા આપવામાં આવેલ નિવેદનને સ્વતંત્ર રીતે આધાર બનાવી ગુનો પુરવાર થાય છે તેવુ માની શકાય નહી. પરંતુ, આવા સ્વેચ્છીક નિવેદનને કેસના અન્ય પુરાવા સાથેની સુસંગતતા તપાસવાના મર્યાદિત હેતુથી ધ્યાનમાં લઈ શકાય.

(૩૧.૮) તબીબી તપાસ દરમ્યાન દર્દી દ્વારા તબીબી અધીકારીને જણાવવામાં આવતી હીસ્ટ્રીનો મુખ્ય હેતુ યોગ્ય તબીબી અભિપ્રાય મેળવવાનો તેમજ સારવાર માટે જરૂરી માહીતીની આપ–લે કરવાનો હોય છે. હાલનાં કેસમાં બંને ભોગ બનનારે તબીબી અધિકારીઓ સમક્ષ આરોપીઓ સાથેના સબંધ, આરોપીઓ સાથે લગ્ન કરી યુ.પી.મુકામે રહયા હોવાની અને એકથી વધુ વખત શરીર સબંધ બાંધ્યો હોવાની હકીકતો જણાવેલ છે. તેજ રીતે બંને આરોપીઓએ પણ તબીબી તપાસ દરમ્યાન તેઓ ભોગ બનનારને ઓળખતા હોવાનો અને તેની સાથે પ્રેમ સબંધ હોવાની, મંદીરમાં લગ્ન કરેલ હોવાની અને યુ.પી.માં કેટલાક દિવસો સુધી સાથે રહયાની અને એકથી વધુ વખત શરીર સબંધ બાંધ્યાની હકીકતો જણાવેલ છે. જે જોતાં આરોપીઓ દ્વારા ગુનાની સીધી અને નિર્વિવાદ કબુલાત કરવામાં આવેલ નથી આથી આવા નિવેદનને કબુલાત (CONFESSION) તરીકે નહી પરંતુ એક સ્વેચ્છીક કથન (VOLENTERY STATEMENT) તરીકે જોવાનું યોગ્ય જણાય છે. જો કે આવા નિવેદનનોને નિર્ણાયક સાબિતિ તરીકે મુલવી શકાય નહી અને તેને આધાર બનાવી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. આમ છતાં જયારે આવી હકીકતો રેકર્ડ પરનાં અન્ય વિશ્ર્વસનીય પુરાવા સાથે સુસંગત હોય ત્યારે તેને એક સમર્થક સંજોગ (CORROBORATIVE CIRCUIMSTANCES) તરીકે ધ્યાનમાં લઈ શકાય. આ કામે બંને ભોગ બનનારે પોતાની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, તેમણે ડોકટર સાહેબને બનાવની હકીકત જણાવેલ નહી પરંતુ તેમની સાથે આવેલા પોલીસવાળા બહેને બનાવની તમામ હકીકત ડોકટરને જણાવેલી. પરંતુ આવી કોઈ હકીકત ડોકટર સાહેદનાં પુરાવા દરમ્યાન બહાર આવેલ નથી. આથી ભોગ બનનારનાં મૌખિક પુરાવાનાં કોઈ એક ચોકકસ કથનને આધારે અન્ય પુરાવાને નજર અંદાજ

કરી શકાય નહી. આ માટે સમગ્ર પુરાવો જોવો જોઈએ.

**(૩૧.૯)** હાલનાં કેસમાં આરોપીઓ દ્ધારા તબીબી અધીકારી સમક્ષ જણાવવામાં આવેલ હકીકતો તેમજ ભોગ બનનારાઓનો કોર્ટ રૂબરૂનો મૌખિક પુરાવો, ભોગ બનનારાઓના બી.એન.એસ.એસ.૧૮૩ ના મેજીસ્ટ્રેટ રૂબરૂના નિવેદનો તેમજ તબીબી અધીકારી સમક્ષ ભોગ બનનારાઓએ જણાવેલ હીસ્ટ્રીની વિગતો સુસંગત જણાય છે તેથી આરોપીઓનું ડોકટરશ્રી સમક્ષનું નિવેદન પોતે એકમાત્ર નિર્ણાયક પુરાવો ન હોવા છતાં તે ફરીયાદપક્ષનાં કેસને સમર્થન આપતા એક સંજોગ (CORROBORATIVE) તથ્ય તરીકે ઘ્યાનમાં લઈ શકાય.આથી ભોગ બનનારનાં પુરાવાને અન્ય પુરાવાથી સમર્થન મળે છે તે ઉપરાંત આરોપીઓ દ્ધારા તબીબી અધીકારી સમક્ષ કરવામાં આવેલ કથન પણ ફરીયાદપક્ષનાં કેસને વધુ મજબુત બનાવે છે.

**(૩૧.૧૦)** આરોપીઓ તરફે વધુમાં દલીલ છે કે, બંને ભોગ બનનાર દ્ધારા પોતાનાં બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ અન્વયેનાં નિવેદનમાં એવુ સ્પષ્ટ જણાવેલ છે કે,'' હું મારી મરજીથી માંગે ચંદ્રપાલ/ ભોલા કુલ સાથે ભાગેલ હોય અને તેમણે મારી સાથે કોઈ જોર જબરજસ્તી કે બદકામ મારી મરજી વિરૂઘ્ધ કરેલ નથી.'' આથી ભોગ બનનાર દ્ધારા મેજીસ્ટ્રેટ રૂબરૂનાં નિવેદનમાં શરીર સબંધી કોઈ હકીકતો જણાવવામાં આવેલ નથી અને તેથી તેની સાથે શરીર સબંધ બંધાયો જ નથી તેવુ સ્પષ્ટ થાય છે તેમજ સદર કથનને કારણે ભોગ બનનારે કોર્ટ રૂબરૂ ખોટી જુબાની આપી છે તેવુ પણ પુરવાર થાય છે.

**(૩૧.૧૧)** સદર દલીલનું મુલ્યાંકન કરતા એવુ જણાય છે કે, બી.એન.એસ.એસ. કલમ–૧૮૩ નું ભોગ બનનારનું સમગ્ર નિવેદન વંચાણે લેતાં તેમણે આરોપી સાથે પ્રેમ સબંધ હોવાની, લગ્ન કરવાની તથા કેટલાક દિવસો સાથે રહયાની હકીકત સ્પષ્ટરીતે વર્ણવી છે. આથી નિવેદનના એક વાકયને અલગ રાખીને તેનું મુલ્યાંકન કરવાનું યોગ્ય જણાતુ નથી. ભોગ બનનારે પોતાના નિવેદનમાં શરીર સબંધનો સ્પષ્ટ ઉલ્લેખ કરેલ નથી તેના કારણે તેનાં સમગ્ર નિવેદનને અવિશ્વસનીય ગણી શકાય નહી. ભોગ બનનારે આરોપી સાથે લગ્ન કરીને કેટલાક દિવસો સાથે રહયાની હકીકત તેમજ શારીરીક સબંધ અંગેની હકીકત કોર્ટ રૂબરૂનાં પુરાવામાં સ્પષ્ટ રીતે જણાવેલી છે. આ પુરાવાને તબીબી અધીકારીઓ સમક્ષ તેઓએ આપેલ

હીસ્ટ્રીની વિગતોથી પણ સમર્થન મળે છે. આ કામે ભોગ બનનારાઓની તબીબી તપાસ કરનાર તબીબી અધીકારીઓએ કોર્ટ સમક્ષ ભોગ બનનારાઓએ તેમને જણાવેલ હકીકતો અંગે પુરાવો આપેલ છે અને ઉલટ તપાસ દરમ્યાન એવી કોઈ હકીકત બહાર આવેલ નથી જેથી તેમનાં પુરાવા વિષે શંકા ઉભી થાય. આ તમામ સંજોગોમાં મેજીસ્ટ્રેટ રૂબરૂનાં નિવેદનમાં શારીરીક સબંધ અંગેની સ્પષ્ટતા ન થઈ હોય તેટલા માત્ર કારણસર ભોગ બનનારનો કોર્ટ રૂબરૂનો પુરાવો અવિશ્સનીય છે તેમ માની શકાય નહી. તેમજ બંને ભોગ બનનારે પોતાના કોર્ટ રૂબરૂનાં પુરાવામાં તેમણે મેજીસ્ટ્રેટ રૂબરૂનાં નિવેદન દરમ્યાન જજ સાહેબને આરોપી સાથેનાં શરીર સબંધની કોઈ હકીકત જણાવેલ નહી તેવા આરોપી તરફે થયેલ સુચક પ્રશ્નનો ઈન્કાર કરેલ છે. આથી આરોપીઓ તરફે થયેલ દલીલો સાચી જણાતી નથી.

**(૩૧.૧૨)** આરોપીઓ તરફે પોતાની રજુઆતનાં સમર્થનમાં નીચે મુજબનાં ચુકાદાઓ ઉપર આધાર રાખવામાં આવેલ છે.

(૧) મિલનરાય વિ.સ્ટેટ ઓફ સિકિકમ, સિકિકમ હાઈકોર્ટ, તા.૨૩/૦૬/૨૦૧૬, ક્રિમી. અપી.નં.૨૨/૧૫ (પેરા–૧૨,૧૩)

(૨) કિશોર ગૌરાંગ વિ.સ્ટેટ ઓફ સિકિકમ, ક્રિમી.અપી.નં.૧૪/૧૨, તા.૬/૪/૨૦૨૩, સિકિકમ હાઈકોર્ટ

(૩) જીએલઆર ૨૦૧૫(૨) પાના નં.૧૧૩૩ કિશન કાનજીભાઈ દુલાભાઈ પટની વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ગુજરાત હાઈકોર્ટ

(૫) નિર્મલ પ્રેમકુમાર વિગેરે વિ. સ્ટેટ રીપ્રી.બાય ઈન્સ્પેકટર ઓફ પોલીસ,ક્રિમી.અપી.નં. ૧૦૯૮/૨૪, સુપ્રિમ કોર્ટ

(૬) નવિન ધનીરામ બારૈયા વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર, ક્રિમી.અપી.નં.૪૦૬/૧૭, તા.૨૫/૬/૨૦૧૮ મુંબઈ હાઈકોર્ટ, પેરા નં.૧૭.

ઉપરોકત સદર ચુકાદાઓ વંચાણે લેતાં તેમાં નીચે મુજબનાં માર્ગદર્શક સિધ્ધાંતો પ્રસ્થાપિત થયેલ છે.

(૧) પુરાવાનું મુલ્યાંકન કરતા સમયે કોર્ટ પાસે જયારે બે વિકલ્પ ઉપલબ્ધ હોય ત્યારે આરોપીનાં લાભનો વિકલ્પ કોર્ટે અપનાવવો જોઈએ.

(૨) શંકા ગમે તેટલી મજબુત હોય પરંતુ તે પુરાવાનું સ્થાન લઈ શકે નહી. આ સિધ્ધાંત પુરાવાનાં મુલ્યાંકન સમયે કોર્ટે ધ્યાને લેવો જોઈએ.

(૩) ભોગ બનનાર સી.આર.પી.સી.કલમ–૧૬૪ ના નિવેદનમાં તેમજ કોર્ટ રૂબરૂનાં પુરાવામાં બનાવ સબંધી વિરોધાભાસી હકીકતો જણાવતા હોય ત્યારે ભોગ બનનારનાં પુરાવાનાં આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

(૪) આરોપી પોલીસ જાપ્તામાં હોય તે દરમ્યાન તેણે કરેલ કબુલાત ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૨૭ હેઠળ ગ્રાહ્ય રાખવાપાત્ર નથી.

ઉપરોકત ચુકાદાઓનાં પ્રસ્થાપિત સિધ્ધાંતો આ કોર્ટને બંધનકર્તા છે પંરતુ અગાઉ ચર્ચા કર્યા મુજબનો ફરીયાદ પક્ષનો પુરાવો જોતાં તે આરોપીઓને મદદરૂપ થઈ શકે તેમ નથી.

**(૩૨)** આ કામે ફરીયાદ પક્ષ પોતાનો કેસ સાબિત કરવામાં સફળ નિવડેલ હોય ત્યારે ભોગ બનનારને ગુજરાત વિકટીમ કોમ્પનસેશન સ્કીમ–૨૦૧૯ હેઠળ વળતર આપવાનો હુકમ થઈ શકે અને આવુ વળતર આરોપી પાસેથી પણ મેળવવા ભોગ બનનાર હકકદાર થાય. કેસના સંજોગો જોતા ભોગ બનનારને ગુજરાત વિકટીમ કોમ્પનસેશન સ્કીમ–૨૦૧૯ હેઠળ વળતર આપવાનો હુકમ કરવાનું યોગ્ય, વ્યાજબી અને ન્યાયી જણાય છે. આમ, ફરીયાદ પક્ષ આરોપીઓ વિરૂધ્ધનું બી.એન.એસ.કલમ–૬૪(૨)(આઈ)(એમ), ૬૫(૧) તથા જાતીય ગુનાઓમાં બાળકોને રક્ષણ આપતો અધિનિયમ (પોકસો) એકટ કલમ– ૩(એ), ૪, ૫(એલ), ૬, ૧૨ મુજબના શિક્ષાને પાત્ર ગુનાનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ થયેલ છે. આ સંજોગોમાં મુદ્દા નં.૩ નો જવાબ હકારમાં આપી મુદ્દા નં.૪ અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–::– હુકમ –::–**

**(૧)** આ કામનાં આરોપી–(૧) ભોલા સ/ઓ કાલુ કશ્યપ, આારોપી–(૨) માંગે સ/ઓ ચંદ્રપાલ કશ્યપનાઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૮(૨) અન્વયે બી.એન.એસ. કલમ– ૬૪(૨)(આઈ)(એમ), ૬૫(૧) તથા જાતીય ગુનાઓમાં બાળકોને રક્ષણ આપતો અધિનિયમ (પોકસો) એકટ કલમ– ૩(એ), ૪, ૫(એલ),૬,૧૨ મુજબના સજાપાત્ર ગુનામાં દોષિત ઠરાવવામાં આવે છે.

**(૨)** આરોપીઓને દોષિત ઠરાવેલ ઉપરોકત ગુનામાં સજા અંગે સાંભળવા માટે કેસ મૂલત્વી રાખવામાં આવે છે.

હુકમ આજ તારીખ : ૦૫[મી], માહે–જુન, સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૫/૦૬/૨૦૨૬
નવસારી.

**(ચિન્મય. જી. મહેતા)**
સ્પેશિયલ (પોકસો) જજ,
સ્પે. પોકસો કોર્ટ, નવસારી.
કોડ નં.જીજે૦૦૫૩૪.

**આરોપીઓને ફરમાવેલ સજાનાં મુદ્દા અંગેની ચર્ચા :–**

**(૩૩)** આરોપીઓ તરફે વિ.વ.શ્રી વી.એ.નાયકનાઓની સજા અંગે રજુઆત છે કે, બંને આરોપીઓ નાની વયનાં છે અને મજુરી કામ કરી પોતાનું ગુજરાન ચલાવે છે. તેઓનો કોઈ ગુનાહિત ઈતિહાસ નથી. આથી આરોપીઓ ઉપર દયા, રહેમ રાખી શકય તેટલી ઓછી સજા અને ઓછો દંડ કરવા માટે વિનંતી કરેલી છે.

**(૩૪)** ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી બી.જી.ગુપ્તાનાઓએ સજા અંગે રજુઆત કરતા જણાવેલ છે કે, હાલમાં સમાજમાં આ પ્રકારનાં ગુનાનું પ્રમાણ ખુબજ વધી રહેલ છે અને જો આવા આરોપીઓ સામે કુણુ વલણ અપનાવીને ઓછી સજા કરવામાં આવે તો આવા પ્રકારનાં ગુનાનું પ્રમાણ સમાજમાં વધી શકે તેમ છે જેથી સાબિત થયેલા ગુના અંગે કાયદામાં નિર્દિષ્ઠ જરૂરી સજા કરવા માટે વિનંતી કરેલી છે.

**(૩૫)** આ કેસમાં આરોપીઓને મહત્તમ સજા ફરમાવવા માટે કોઈ વ્યાજબી કારણ જણાતુ નથી. **સ્ટેટ ઓફ યુ.પી. વિરૂઘ્ઘ સોનુ કુશ્વાહ ક્રિ.અ.નં.૧૬૩૩/૨૦૨૩** માં નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યા મુજબ જયારે કોઈ કાયદામાં ઓછામાં ઓછી સજાની જોગવાઈ કરાયેલ હોય ત્યારે સામાન્ય સંજોગોમાં કોઈ ખાસ કારણ વિના કોર્ટને તેમાં ઘટાડો કરવાની સત્તા રહેતી નથી. આ કામે ભોગ બનનાર(એન)ની ઉંમર બનાવ સમયે ૧૬ વર્ષ ૦૭ મહીના અને ૦૮ દિવસની હોવાનું તેમજ ભોગ બનનાર(આર) ની ઉંમર બનાવ સમયે ૧૫ વર્ષ

અને ૧૨ દિવસ ની હોવાનું પુરવાર થતુ હોય પોકસો એકટની કલમ–૩(એ) નાં ગુના સબબ કલમ–૪(૨)ની જોગવાઈ આ કામે ભોગ બનનાર(આર) નાં કેસમાં પ્રસ્તુત જણાય છે. પોકસો એકટની કલમ–૪,૬ અને ૧૨ માં સજા તેમજ દંડની જોગવાઈ થયેલ છે પરંતુ બંને દોષિતની આર્થિક સ્થિતિ ધ્યાને લેતાં દંડનો હુકમ કરવાનું યોગ્ય અને ન્યાયી જણાતુ નથી. ભોગ બનનારને વળતર આપવા બાબતે ધી ગુજરાત વીકટીમ કમ્પેનસેશન સ્કીમ, ૨૦૧૯ હેઠળ હુકમ કરવાનું યોગ્ય અને ન્યાયી જણાય છે.

**(૩૫.૧)** આમ, પોકસો એકટનો હેતુ, ઉદ્ધેશ તથા આરોપીઓનુ કૃત્ય, આ કેસનાં સંજોગો લક્ષમાં લેતા આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**–::– આખરી હુકમ –::–**

**(૧)** આ કામનાં આરોપી–(૧) ભોલા સ/ઓ કાલુ કશ્યપ, આારોપી–(૨) માંગે સ/ઓ ચંદ્રપાલ કશ્યપનાઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૮(૧) અન્વયે બી.એન.એસ. કલમ– ૧૩૭(૨), ૮૭ મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામનાં આરોપી–(૧) ભોલા સ/ઓ કાલુ કશ્યપ,બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૮(૨) અન્વયે જાતીય ગુનાઓમાં બાળકોને રક્ષણ આપતો અધિનિયમ (પોકસો) એકટ કલમ– ૩(એ) મુજબનાં શિક્ષાને પાત્ર ગુના અંગે તકસીરવાન ઠરાવી કલમ–૪ અન્વયે ૧૦ (દસ) વર્ષની સખ્ત કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

**(૨.૧)** આારોપી–(૨) માંગે સ/ઓ ચંદ્રપાલ કશ્યપનાઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૮(૨) અન્વયે જાતીય ગુનાઓમાં બાળકોને રક્ષણ આપતો અધિનિયમ (પોકસો) એકટ કલમ– ૩(એ) મુજબનાં શિક્ષાને પાત્ર ગુના અંગે તકસીરવાન ઠરાવી કલમ–૪(૨) અન્વયે ૨૦ (વીસ) વર્ષની સખ્ત કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** આ કામનાં આરોપી–(૧) ભોલા સ/ઓ કાલુ કશ્યપ, આારોપી–(૨) માંગે સ/ઓ ચંદ્રપાલ કશ્યપનાઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૮(૨) અન્વયે જાતીય ગુનાઓમાં બાળકોને રક્ષણ આપતો અધિનિયમ (પોકસો) એકટ કલમ– ૫(એલ) મુજબનાં શિક્ષાનેપાત્ર ગુના અંગે તકસીરવાન ઠરાવી પ્રત્યેક આરોપીને કલમ–૬ અન્વયે ૨૦ (વીસ) વર્ષની સખ્ત

કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામનાં આરોપી–(૧) ભોલા સ/ઓ કાલુ કશ્યપ, આારોપી–(૨) માંગે સ/ઓ ચંદ્રપાલ કશ્યપનાઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૮(૨) અન્વયે જાતીય ગુનાઓમાં બાળકોને રક્ષણ આપતો અધિનિયમ (પોકસો) એકટ કલમ– ૧૨ મુજબનાં શિક્ષાનેપાત્ર ગુના અંગે તકસીરવાન ઠરાવી પ્રત્યેક આરોપીને ૦૧ (એક) વર્ષની સખ્ત કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૫) આરોપીઓએ ઉપરોકત તમામ સજા એક સાથે ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૬) પોકસો એકટ–૨૦૧૨ ની કલમ–૪૨ ની વૈકલ્પીક શિક્ષા અંગેની જોગવાઈ ધ્યાને લેતાં હાલનાં આરોપીઓને બી.એન.એસ.કલમ–૬૪(૨)(આઈ)(એમ), ૬૫(૧) મુજબનાં ગુના અન્વયે અલગ કોઈ સજા કરવામાં આવતી નથી.

(૭) બી.એન.એસ.એસ.ની કલમ–૩૯૬ ની સાથે ધી ગુજરાત વીકટીમ કમ્પેનસેશન સ્કીમ, ૨૦૧૯ વાંચતા તે અંતર્ગત પ્રત્યેક ભોગ બનનારને એટલે કે ભોગ બનનાર(એન) ને રૂ.૧,૦૦,૦૦૦/– (રૂપિયા એક લાખ પુરા) અને ભોગ બનનાર(આર)ને વળતર પેટે રૂ.૧,૦૦,૦૦૦/– (રૂપિયા એક લાખ પુરા) ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૮) આ કામના આરોપીઓએ કાચા કામના કેદી તરીકે ભોગવેલ સમયગાળો બી.એન. એસ.એસ.ની કલમ–૪૬૮ અન્વયે મજરે આપવો.

(૯) સદરહુ ચુકદાની નકલ, ભોગ બનનારનાં વળતર માટેની કાર્યવાહી અર્થે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, નવસારીનાઓને અમલવારી સારુ સત્વરે મોકલી આપવી.

(૧૦) સદરહુ હુકમ તેમજ ભોગબનનારનાં લાભમાં થયેલ વળતરની રકમ બાબતની જાણ સંબંધીત પોલીસ સ્ટેશનનાં ત.ક.અમલદારને તથા હાલના ગુનાના ભોગ બનનારને કરવા તથા હુકમ મુજબનુ વળતર ભોગબનનારને સત્વરે મળી રહે તે બાબતે જરૂરી સલાહ/સહાયની કાર્યવાહી આ કામના સરકાર તરફેના પ્રતિનિધિ વિ.એ.પી.પી.શ્રીનાઓને કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૧૧) આ કામે મુદ્દામાલ પાવતી સંબંધી એમ.આર. નં.૨૩/૨૦૨૫ માં જણાવેલ આર્ટીકલ નં. ૧ થી ૧૨ વાળા તમામ બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય વીત્યા બાદ નાશ કરવાનો

હુકમ કરવામાં આવે છે.

**(૧૨)** આ કામના આરોપીઓને આ હુકમની સર્ટીફાઈડ નકલ બી.એન.એસ.એસ.ની કલમ–૪૦૪ ની જોગવાઈ મુજબ વિનામૂલ્યે તાત્કાલીક પુરી પાડવી.

**(૧૩)** બી.એન.એસ.એસ.ની કલમ–૪૦૬ મુજબ સદર હુકમની નકલ મે.ડિસ્ટ્રિક્ટ મેજીસ્ટ્રેટશ્રી, નવસારી જિલ્લાનાઓ તરફ મોકલી આપવી.

**(૧૪)** આજી રજીસ્ટ્રીને હુકમ કરવામાં આવે છે કે ઉપરોકત હુકમની જાણ આ કામનાં ફરીયાદીને કરવી.

હુકમ આજ રોજ તારીખ : ૦૫[મી], માહે–જુન, સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**Sd/**
**(ચિન્મય. જી. મહેતા)**
સ્પેશિયલ (પોકસો) જજ,
સ્પે. પોકસો કોર્ટ, નવસારી.
કોડ નં.જીજે૦૦૫૩૪.

તારીખ : ૦૫/૦૬/૨૦૨૬
નવસારી.